# સહજ-સત્સંગ

અંક : ૨૬૨ વર્ષ : ૨૨ તંત્રી : માનસિંહભાઈ ચાવડા ઑક્ટોબર : ૨૦૧૦

મા દુર્ગા

# મા મીરાંબિકા

**સમર્પણ**

સાચું સમર્પણ તમને વિશાળ બનાવે છે. તમારી ક્ષમતામાં વધારો કરે છે. તમે તમારી જાતે ગુણવત્તા અને વિપુલતામાં જે વધારો કરી શકો તેનાં કરતાં વધારે સારી ગુણવત્તા અને સમૃદ્ધિ વિપુલતા આપે છે.

- શ્રી માતાજી

૨૪, નવેમ્બર ૧૯૮૩

# પ્રાર્થનાઓ અને ધ્યાન

- શ્રી માતાજી

(૧૭ જૂન ૧૯૧૪)



**...ભૂતકાળમાં જે જે પૂર્ણતાઓ સિદ્ધ થએલ હતી તેમાં અત્યારે હવે કશી શક્તિ રહેલી નથી. જગતમાં નવાં નવાં બળો આવેલાં છે તેમનું રૂપાંતર કરવા માટે, તેમને તારા દિવ્ય સંકલ્પને આધીન કરવા માટે એક નવા સામર્થ્યની જગતમાં જરૂર છે.....**

**.....'માગ અને તને મળશે.' તો હવે મારા પ્રભુ ! હું માંગું છું કે તારે મારી અંદર એક અવિચળ શાંતિમાં સ્થિર થએલી અખંડ, અસ્ખલિત, તીવ્ર, ઉગ્ર અભીપ્સા સર્જી દેવાની છે. નીરવતા અને શાંતિ તો મારામાં આવેલાં જ છે.....**

**..... અમને જે જે કાંઈ દેખાઈ રહ્યું છે તેનો અવર્ણનીય પ્રકાશ ત્યાં, વિચારની સારીએ સૃષ્ટિને પેલે પાર ઝળહળી રહ્યો છે : અમને વિચાર આપ, શબ્દ આપ, શક્તિ આપ.**

## અનુક્રમણિકા


| શીર્ષક | પૃષ્ઠ | શીર્ષક | પૃષ્ઠ |
|---|---|---|---|
| **પ્રાર્થનાઓ અને ધ્યાન** (અતિમનસની જરૂરિયાત) | ૧ | **ઉપનિષદોનું અમૃત** (અંતર્યામીનું સ્વરૂપ) | ૩૦ |
| **દૈનિક જીવનમાં યોગસાધના (૫)** (જીવનમાં ધનસંપત્તિનું સ્થાન) | ૪ | **સુંદર કથાઓ** (ભ્રમ) | ૩૨ |
| **માતૃવાણી** (બાળકોએ યાદ રાખવા જેવું) | ૮ | **યોગમાર્ગનો સમન્વય** (યોગની પ્રણાલીઓ) | ૩૩ |
| **ગીતાનિબંધો** (પરમ રહસ્ય) | ૧૦ | **વેદવિજ્ઞાન** (વૈશ્વદેવ યજ્ઞ-૪) | ૩૫ |
| **માનવવિકાસ ચક્ર** (સંસ્કારિતા : સૌંદર્યયુક્ત અને નીતિપ્રધાન) | ૧૫ | **વિદ્યાર્થીઓને માર્ગદર્શન** (ભારતમાતાનો સાદ સાંભળો) | ૩૯ |
| **સાવિત્રી** (અચેતનની ભીંતરમાં) | ૧૭ | **આગામી-ભાવિ** (ચાલો પ્રભુનું સભાન સાધન બનીએ !) | ૪૧ |
| **યોગ વિષે પત્રો** (વિશ્વચેતનાનું સ્વરૂપ) | ૨૨ | **સાંજના વાર્તાલાપો**(સમતા અને કરુણાનો અર્થ) | ૪૨ |
| **ભારતીય સંસ્કૃતિના પાયા** (ભારતીય રાજ્યતંત્રનું આંતરિક બંધારણ) | ૨૬ | **સર્વાંગી આરોગ્ય** (શારીરિક મનની શક્તિ) | ૪૩ |
| | | **પૂર્ણયોગ** | ૪૬ |
| | | **કવરપેજ ૧ ઉપરની સમજૂતી કવરપેજ ૪ ઉપર** | |



**મા શ્રી અરવિન્દ સાધના કેન્દ્ર ટ્રસ્ટ સંચાલિત, મા શ્રી અરવિન્દ સાધના કેન્દ્ર, રાજકોટનું**
**શ્રી અરવિન્દ અને શ્રી માતાજીનાં યોગદર્શનની સાદી સરળ ભાષામાં સમજણ આપતું ગુજરાતી ભાષાનું લોકપ્રિય સામયિક**

**સહજ-સત્સંગ**
અંક : ૨૬૨ વર્ષ : ૨૨
ઑક્ટોબર - ૨૦૧૦



સંસ્થાપક અને આદ્યતંત્રી : **સ્વ. ભૂપેન્દ્રભાઈ ત્રિવેદી**
અર્પણ, ૨૫૯, વૃંદાવન સોસાયટી, કાલાવડ રોડ,
રાજકોટ-૩૬૦૦૦૫

તંત્રી : **માનસિંહભાઈ ચાવડા**
૭, સાંનિધ્ય બંગ્લોઝ, રઘુનંદન પાર્ક, ઈન્કમટેક્સ ઑફિસ પાછળ, રેસકોર્ષ રીંગ રોડ (પશ્ચિમ), રાજકોટ-૧
**મો. ૯૮૨૪૩૭૩૯૨૯**

સંપાદન સહાયક મંડળ :
**હર્ષદભાઈ ઠકરાર, લલિતભાઈ ઉપાધ્યાય, કમલેશભાઈ માંડવિયા, તેજસ વસા**

સંપર્ક માટે : **શ્રી હર્ષદભાઈ ઠકરાર** - મો : **૦૯૪૨૭૨ ૨૨૪૧૫**


**મા શ્રી અરવિન્દ સાધના ટ્રસ્ટને આપેલ અર્પણ (દાન) 80G નીચે ઈન્કમટેક્ષ રાહતને પાત્ર છે.**
**કૃપયા મનીઑર્ડરથી અર્પણ મોકલશો નહિ, એકાઉન્ટ પેયી ડ્રાફ્ટ/પોસ્ટલ ઑર્ડરથી**
**'મા શ્રી અરવિન્દ સાધના ટ્રસ્ટ - રાજકોટ'** - ના નામે મોકલશો.
આપનું નામ, સરનામું, જૂનો ગ્રાહક નં. અથવા નવા ગ્રાહક તરીકેનો અચૂક ઉલ્લેખ કરશો.


**(આ અંકમાંના શ્રી માતાજી - શ્રી અરવિન્દનાં લખાણો તથા તસ્વીરો શ્રી અરવિન્દ ટ્રસ્ટ - પોંડિચેરીના કોપીરાઈટ છે.)**



ટાઈપ સેટીંગ તથા પ્રિન્ટીંગ **લા ક્રિએટા** - રાજકોટ - ૦૨૮૧ - ૨૪૬૫૦૭૮

# અતિમનસની જરૂરિયાત

**સમજૂતી** - માનસિંહ ચાવડા

ઉત્ક્રાંતિએ પાર્થિવતત્ત્વમાંથી પ્રાણમય તત્ત્વ અને મનોમય તત્ત્વનો વિકાસ કર્યો. પ્રાણમય તત્ત્વે પ્રાણીસૃષ્ટિ રચી. મનોમય તત્ત્વે માનવ-સૃષ્ટિ. માનવના મનનો વિકાસ આંતરિક રીતે થતો ગયો અને તેને દેવતાઈ જગતની, તેમની શક્તિઓની અને તેને જીવનમાં કુશળતાથી વાપરવાની પણ ક્ષમતા પ્રાપ્ત થઈ. બધા જ ધર્મોની પાછળ આ જ પ્રક્રિયાનો વિકાસ થતો જોવા મળે છે.

પણ આ ઉત્ક્રાંતિનો અંતિમ તબક્કો નથી. માનવોએ અધિમાનસિક - ક્ષમતાઓ વિકસાવ્યાં છતાં તમની મદદથી માનવી - જીવનની બધી જ સમસ્યાઓનો કાયમી ઉકેલ તેમને હજી મળ્યો નથી. સમસ્યાના તાત્કાલિક ઉપાયો તરીકે જ તે સમસ્યાને નિવારી શકાઈ છે પણ બધી જ સમસ્યાઓનો ધરમૂળથી નાશ તે ક્ષમતાઓ પણ કરી શકી નથી. ભૂતકાળની બધી જ સિદ્ધિઓ તે બાબતમાં નિષ્ફળ ગઈ છે.

તેથી નવી શક્તિની જરૂર છે. તો શું આ બધી ભૂતકાળની શક્તિઓ ત્યાગવાની છે? ના, તે ત્યાગવાની નથી પણ તેમને પેલી નવી શક્તિને અનુરૂપ ઢાળી દેવાની છે જેથી તેઓ પેલી નવી શક્તિઓ ધારણ કરેલ પ્રભુના સંકલ્પની નીકો અને નિમિત્ત બનીને કાર્યરત થાય.

પણ પ્રભુ આ કાર્ય કરવા માટે તીવ્ર, શાંત, સ્થિર, અખંડ અભીપ્સાની જરૂર છે. જેથી તે નૂતન શક્તિ નીચે અવતરણ પામે અને તે જૂની શક્તિઓને બરોબર ગોઠવી દે.

બીજું, તે નીચે અવતરણ પામ્યા પછી તેને ધારણ કરવા માટે નીરવતા અને શાંતિની પણ જરૂર છે, જેથી તે શુદ્ધ સ્વરૂપે જ ટકી રહે. નીરવતા તેને શુદ્ધ રાખે છે. શાંતિ તેને સ્થાયી કરે છે.

પેલી જે નૂતન - શક્તિ છે તેનો પ્રકાશ વિચારોની પણ પેલે પાર ચેતનાનાં ઊર્ધ્વ પ્રદેશમાં માતાજી પોતે અનુભવી રહ્યાં છે. તે અતિમાનસિક શક્તિ છે.

માતાજી પ્રાર્થના કરે છે કે તેને નીચે કેવી રીતે અવતરણ કરાવવી તે માટેની યુક્તિઓ તે શક્તિ આંતરપ્રેરણાથી તેમને જણાવે. તે અન્યને સમજાવવાની ક્ષમતા પણ આપે અને તે શક્તિને ધારણ કરવાની ક્ષમતા પણ આપે.

# દૈનિક જીવનમાં યોગ (૫)

- જ્યોતિબેન થાનકી

## જીવનમાં ધનસંપત્તિનું સ્થાન

આજના આ ભૌતિક યુગમાં મનુષ્યોની જરૂરિયાતો દિનપ્રતિદિન વધતી જાય છે. એક પણ ક્ષેત્ર એવું નથી રહ્યું કે જેમાં વસ્તુઓ કુદરતી રીતે, સુલભપણે મળતી હોય. કુદરતે આપેલાં હવા, પ્રકાશ અને પાણી પણ આજે દુર્લભ બનતાં જાય છે. દરેક વસ્તુને મેળવવા માટે કિંમત ચૂકવવી પડે છે. આથી જીવન જીવવા માટે નાણાં - ધન સંપત્તિની જરૂર ડગલે ને પગલે ઊભી થતી રહે છે. જો ધનસંપત્તિ મનુષ્ય પાસે હોય તો જ તે સારી રીતે જીવન જીવી શકે. પોતાના પરિવારનું ભરણ - પોષણ સારી રીતે કરી શકે. પોતાનાં સંતાનોનું ઘડતર - શિક્ષણ સારી રીતે કરી શકે. સુખ અને આરામદાયી જીવન જીવવા માટે, નિશ્ચિંતપણે રહીને ઉત્તરાવસ્થા ગાળવા માટે પણ મનુષ્ય ધનસંપત્તિ ઇચ્છતો હોય છે. અત્યારના યુગમાં ધનસંપત્તિ એ મનુષ્યના જીવનનો એક અનિવાર્ય ભાગ બની ગયાં છે. મોટાભાગના મનુષ્યોનું જીવન ધનસંપત્તિ મેળવવામાં જ વીતતું હોય છે.

**ધનસંપત્તિ પ્રત્યેનું વલણ કેવું હોવું જોઈએ?**

ધનસંપત્તિ મેળવવામાં મનુષ્યના જીવનનો મોટોભાગ ખર્ચાઈ જાય છે. તે મેળવ્યા પછી એને સાચવવાની સતત ચિંતામાં બાકીનો સમય વીતી જાય છે. આ ધનસંપત્તિની અત્યારે કિંમત કેટલી ? આપણા જીવનમાં એનું સ્થાન કેટલું ? આપણે તેનો કેવી રીતે ઉપયોગ કરવો જોઈએ ? જો આધ્યાત્મિક જીવન જીવવું હોય તો શું ધનસંપત્તિનો સંપૂર્ણ ત્યાગ કરી દેવો જોઈએ ? ધનનું દાન કેવી રીતે કરવું ? અનીતિના માર્ગે પ્રાપ્ત કરેલા ધનનું દાન સ્વીકારાય કે નહીં ? ધનનો ઉત્તમ ઉપયોગ શો ? ધન પ્રત્યે આપણું વલણ કેવું હોવું જોઈએ ? ધનસંપત્તિ અંગેના આવા પ્રશ્નો સામાન્ય રીતે મનુષ્યના મનમાં ઊઠતા રહે છે. શ્રી માતાજીએ આ અંગે જે માર્ગદર્શન આપ્યું છે, તે હવે આપણે જોઈએ.

**શ્રી માતાજીએ આપેલું ધનસંપત્તિ અંગેનું નવું જ દૃષ્ટિબિન્દુ :**

શ્રી માતાજી આપણને ધનસંપત્તિ અંગે નવી જ દૃષ્ટિ આપે છે, અને તે રીતે એનો ઉપયોગ કરવા કહે છે. તેઓ કહે છે : ''ધન એ પ્રભુની શક્તિ છે. એ એક બળ છે. એટલે જ તેના ઉપર વ્યક્તિગત માલિકી સ્થાપવાનો કોઈને ય અધિકાર નથી. પ્રકૃતિના પ્રકાશનું જ આપણે ઉદાહરણ લઈએ તો કોઈને એવું કહેવાનો વિચાર સરખો પણ નહીં આવે કે આ પ્રકાશ મારો એકલાનો જ છે. અને એને હું ઓરડામાં પૂરી રાખીશ અને બીજા કોઈને ય એ લેવા નહીં દઉં. એવું જ ધનની બાબતમાં પણ થવું જ જોઈએ. પણ પૈસાની બાબતમાં

લોકો મોહમૂઢ થઈને તેને પકડી રાખે છે. જાણે કે એ પોતાની માલિકીની વસ્તુ ન હોય ! ધનનો ઉલ્લેખ હું કાગળ તરીકે નથી કરતી. એમ તો હાથમાં ફાનસ પકડીને તમે એમ કહી શકો કે આ પ્રકાશ મારો છે. પૈસા, નોટો, સોનાચાંદીના ટુકડા એ બધું તમારું છે, પણ વાસ્તવમાં એ કંઈ ધન નથી. પણ એ બધાંની પાછળ જે શક્તિ રહેલી છે, જેનો તમે વિનિમય કરી શકો છો, તે વસ્તુ તે ધન છે. એ કોઈની માલિકીની વસ્તુ નથી. એ તો સહુ કોઈની છે. એ જ્યારે ફરતી રહે છે, ત્યારે જ જીવંત રહે છે. તમે જો એનો ઢગલો કરીને એને સંગ્રહવા માગતા હશો તો તેમાં વિકૃતિ દાખલ થઈ જાય છે. પાણીને જેમ બંધ વાસણમાં ભરી રાખો તો એ બેસ્વાદ થાય તે રીતે પૈસાની બાબતમાં પણ બને છે આ રીતે શ્રી માતાજી ધનને પરમાત્માની એક શક્તિ તરીકે ગ્રહણ કરીને તેનો તે રીતે ઉપયોગ કરવાની દૃષ્ટિ આપે છે.

**ધનસંપત્તિ સાથે જોડાએલી વિકૃતિઓ :**

જો ધન એ પ્રભુની શક્તિ હોય તો પછી એ શક્તિ સાથે પ્રભુની અન્ય દિવ્ય શક્તિઓ પણ જોડાયેલી હોય પરંતુ આ તો ધન આવતાં મનુષ્યમાં અભિમાન, અહંકાર, માલિકીની વૃત્તિ, ભોગેચ્છાઓ વાસનાઓ - આ બધું આવવા લાગે છે. તો પછી તેને પ્રભુની શક્તિ કઈ રીતે કહી શકાય ? ધન સાથે જે વિકૃતિઓ જોડાયેલી છે, એની સમજ આપતાં શ્રી માતાજી કહે છે કે '' મેં ઘણા દેશોમાં શ્રીમંત લોકોને જોયા છે. આ બધા દેશોમાં ગરીબ લોકો જ સહુથી વધારે ઉદાર હોય છે. જ્યારે માણસનું ખિસ્સું પૈસાથી ભરાઈ જાય છે, ત્યારે તેને એક પ્રકારની માંદગી જકડી લે છે, અને એ માંદગી છે, પૈસા પ્રત્યેની આસક્તિ.'' આ આસક્તિ એટલી પ્રબળ હોય છે કે પોતાની પાસે રહેલા પૈસાના ઢગલાને સાચવવાની ઉપાધિમાં જ માણસની જિંદગી પૂરી થઈ જાય છે. માણસ ગરીબ હોય છે, ત્યારે સૌમ્ય, ઉદાર હોય છે અને પૈસાદાર બને છે, ત્યારે મોટેભાગે ઘમંડી, કંજૂસ બની જતો હોય છે. આની પાછળનું શું કારણ છે ? આ પ્રશ્નના ઉત્તરમાં શ્રી માતાજી કહે છે કે ''અત્યારે ધન ઉપર આસુરિક શક્તિઓનો કાબૂ છે. અસુરોએ લક્ષ્મીને પોતાના સકંજામાં કેદ કરી છે. ધનનું રખેવાળું પ્રાણમય શક્તિઓ કરી રહી છે. આથી જેની પાસે ધન આવે છે, તેઓ એ પ્રાણમય શક્તિઓની પકડમાં આવી જાય છે. અને આથી એમની પાસેથી શુભકાર્ય માટે થોડુંક પણ ધન કઢાવવું હોય તો દરેક વખતે તમારે દારુણ યુદ્ધ કરવું પડે છે. પણ જો પ્રાણમય વાસનાઓ, કામવૃત્તિ, મહત્ત્વાકાંક્ષા, કીર્તિ આ બધી પ્રાણની ઈચ્છાઓ અને તેની તૃપ્તિ માટે ધન આપવાનું હોય તો તેઓ તુરત જ ધન આપી દેશે. પણ આ સિવાય જો ભગવાનના કામ માટે ધન આપવાનું હોય તો તેમની તિજોરીનું મોઢું બંધ થઈ જશે. કેમ કે, તેઓ પ્રાણમય શક્તિઓના ગુલામ છે. એમના હાથમાંથી ભગવાનના કામ માટે ધન લેવું એટલે તેમનામાં રહેલી આસુરી સત્તા સાથે યુદ્ધ આદરવું. આથી પ્રથમ તો આપણે તેઓ જે પ્રાણમય શક્તિઓના ગુલામ હોય છે એ શક્તિઓ

ઉપર વિજય મેળવવો જોઈએ, પણ એ કામ સહેલું નથી.''

**ધનથી મળતી ભોગવિલાસની વસ્તુઓનું દાસત્વ :**

મનુષ્ય પાસે જેમ જેમ સંપત્તિ વધતી જાય છે, તેમ તેમ વૈભવી વસ્તુઓનું પ્રમાણ પણ વધતું જાય છે. પછી એ વસ્તુઓની ટેવ પડી જાય છે. એ વસ્તુઓ વગર ચાલતું નથી. શ્રી માતાજી એને વસ્તુઓનું દાસત્ત્વ કહે છે. જો પૈસા અચાનક ચાલ્યા જાય તો જીવનમાં શૂન્યતા વ્યાપી જાય છે. પૈસાથી મળતી વસ્તુઓ ન આવતાં જાણે સર્વ કંઈ ગુમાવી દીધું હોય એવી લાગણી થાય છે. જાણે હવે જીવન જીવવા માટે કંઈ જ રહ્યું ન હોય એવું અનુભવવા લાગે છે. શ્રી માતાજી આ સ્થિતિને નિર્બળતા અને નિઃસહાયતાની સ્થિતિ કહે છે. તેઓ આ વિષે માર્ગદર્શન આપતાં કહે છે કે ''આ વલણ સાચું નથી. સાચું વલણ તો એ છે કે તમારી પાસે જ્યારે વસ્તુઓ હોય ત્યારે બધું બરાબર લાગે અને જ્યારે ન હોય ત્યારે પણ બધું બરાબર લાગે.''

ચેતનાની સાચી સ્થિતિમાં તો દરેક પરિસ્થિતિ બરાબર જ હોય છે. ધન હોય અને વસ્તુઓ હોય તો પણ એ જ આનંદમય સ્થિતિ હોય અને ધન ચાલ્યું જાય તો પણ એ જ આનંદમય સ્થિતિ હોય, એ આંતરચેતનાની સ્થિતિ આધ્યાત્મિક સ્થિતિ છે.

**આધ્યાત્મિક જીવન માટે ધનસંપત્તિનો ત્યાગ જરૂરી ખરો ?**

સામાન્ય રીતે એવું માનવામાં આવે છેં કે આધ્યાત્મિક જીવન માટે ધનસંપત્તિનો ત્યાગ કરી દેવો જોઈએ. પરંતુ આ વલણ સાચું નથી. શ્રી માતાજી કહે છે કે ''ધન એ તો ભગવાનની શક્તિ છે. જો ભગવાનના કાર્ય માટે એ તમારી પાસે હોય તો તમે તેનો ઉપયોગ કરી શકો છો. ધન દ્વારા મળતાં બધાં સાધનોનો પણ ઉપયોગ કરી શકો છો, પરંતુ જો ભગવાન એ શક્તિ તમારી પાસેથી લઈ લે, તો એ જ ક્ષણે તમે તેનો ત્યાગ કરી દો અને તેમ છતાં તમારી આંતરચેતનાની સ્થિતિમાં કોઈ પરિવર્તન ન આવે. એ ચેતનાની સાચી સ્થિતિ છે.''

**ધનસંપત્તિનું દાન :**

મનુષ્યે ખૂબ ધન પ્રાપ્ત કર્યું હોય, પરંતુ એ જો અનીતિના માર્ગે મેળવ્યું હોય, આવી વ્યક્તિઓ જો દાન આપે તો તે દાન પ્રભુના કાર્ય માટે લઈ શકાય કે નહીં. આ સંદર્ભમાં શ્રી માતાજીને પ્રશ્ન પૂછવામાં આવ્યો હતો. એ વિષે તેમણે જણાવ્યું હતું કે ''ધન એ તો એક શક્તિ છે. તમે કઈ રીતે ધન મેળવો છો, તેનો સંબંધ વ્યક્તિ તરીકે તમારા એકલાની સાથે છે. એ તમને ખૂબ નુકસાન પહોંચાડે અથવા બીજાને પણ નુકસાન પહોંચાડે, પણ એથી ધન કે જે એક વૈશ્વિકશક્તિ છે, એની પ્રકૃતિમાં કોઈ ફેર પડતો નથી. ધનને રૂપ, રંગ, સ્વાદ કે મનોમય ચેતના હોતી જ નથી. એક બદમાશ માણસે ઉચ્છ્વાસમાં ફેંકેલી હવા પ્રમાણિક માણસના ઉચ્છ્વાસમાંથી ફેંકેલી હવા કરતાં વધારે દૂષિત હોતી નથી. એવું જ ધનનું છે.''

પરંતુ ખોટી રીતે મેળવેલા ધનનો ભગવાનના કાર્ય માટે અસ્વીકાર કરવા પાછળ વ્યવહારુ કારણો રહેલાં હોય છે. શ્રી માતાજી કહે છે કે ખોટી રીતે ધન મેળવનારા માણસો પાસે આપણે ભગવાનના કાર્ય માટે ધન માંગીએ, અથવા એમનું ધન લઈએ તો પરોક્ષ રીતે પણ આપણે એમની આ રીતને યોગ્ય ગણાવી કહેવાય એટલે એવું દાન ન લેવું જોઈએ.

પરંતુ કોઈ માણસે ખોટી રીતે ધન મેળવ્યું હોય અને પછી તેના હૃદયમાં તીવ્ર પશ્ચાતાપ થતો હોય કે ''મારે આ પૈસાનો સારામાં સારો ઉપયોગ કરવો છે અને મારે નિર્વૈયક્તિક ભાવે આ પૈસા અર્પણ કરી દેવા છે.'' તો ધનનો અંગત ઉપયોગ થાય એ કરતાં આ રીતનો ઉપયોગ ઇચ્છવા યોગ્ય છે.

મોટેભાગે માણસો અંગત કામનાઓ, મહત્ત્વાકાંક્ષાઓ સંતોષવા માટે જ ધનનો ઉપયોગ કરતા હોય છે. પ્રસિદ્ધિ માટે દાન આપતા હોય છે. એની પાછળ પોતાનું નામ કાયમ રહે એવી ભાવના હોય છે. શ્રી માતાજી કહે છે કે ''કોઈપણ જાતના સ્વાર્થ વગર, કોઈપણ જાતની સૂક્ષ્મ ભૂખ વગર કેવળ ભગવાનનાં કાર્ય માટે પૈસા આપવા સામાન્ય માણસ માટે બહુ જ મુશ્કેલ છે.''

જ્યારે મનુષ્યમાં કોઈ કામનાઓ કે આસક્તિ ન રહી હોય, તેની ચેતના વિશાળ બની ગઈ હોય, તેવા મનુષ્ય પાસે પૃથ્વી પર જેટલું ધન છે, તે બધું જ તેની પાસે આવે, તો પણ તેની ચેતના પર એ ધનનો કોઈ પ્રભાવ નહીં પડે, પણ એ ધનથી દરેક મનુષ્યને લાભ થશે. આથી જ ધનની આ દિવ્યશક્તિ, અનાસક્ત અને વિશાળ ચેતનાવાળા મનુષ્યોએ પ્રાપ્ત કરીને પરમાત્માના દિવ્ય જગતના આવિર્ભાવ માટે તેનો શ્રેષ્ઠ ઉપયોગ કરવો જોઈએ.


**મા શ્રી અરવિન્દ સાધના ટ્રસ્ટ - રાજકોટ**
**કેન્દ્રનું પ્રકાશન**

**શ્રી અરવિન્દના 'યોગમાર્ગોનો સમન્વય' ગ્રંથ ઉપર આધારિત**

**'યોગ-સમન્વય'**

લેખક : માનસિંહ ચાવડા

**હાર્ડ બાઉન્ડ - પૃ.૨૭૨** **કિંમત - ૨૨૫**

૫ ડિસેંબર સુધી કેન્દ્રને ડિસ્કાઉન્ટ ૩૦% - વ્યક્તિને ૨૫%
પોસ્ટેજ ખર્ચ અલગ

# માતૃવાણી

- શ્રી માતાજી

## બાળકોએ યાદ રાખવા જેવું

### અવતરણો

(માતૃવાણી - ૪, પૃ.૩૫-૩૭)

**૧ આપણી પોતાની જાતનું જે સાચું મૂલ્ય હોય તે આપણે સમજવાનું છે. પૃ.૩૫**

**૨ આપણે આપણી સમક્ષ જે આદર્શ રાખ્યો હોય તેની તરફ કેવી રીતે આગળ વધી શકાય તે જાણવું જોઈએ.પૃ.૩૫**

**૩ છોડવાઓમાં પણ મિથ્યાભિમાન હોઈ શકે ?..... પ્રાણીઓ અંગે પણ એવું જ થતું હોય છે.પૃ.૩૬**

**૪ બીજાઓમાં રહેલી સાચી ઉત્કૃષ્ટતા અને શ્રેષ્ઠતાને ઓળખી શકાય, એ છે નૈતિક ઉદારતા.પૃ.૩૭**

**સમજૂતી** - માનસિંહ ચાવડા

માતાજી ઑગસ્ટ ૧૯૫૦ના બુલેટિનમાંના પોતાના લેખમાંથી વાંચી સંભળાવે છે. લેખનું શીર્ષક છે : ''બાળકોએ હંમેશા શું યાદ રાખવું જોઈએ ?''

૧ આપણે પોતાનું સાચું મૂલ્ય સમજતા શીખીએ. લોકો એક તો પોતાનું બેહદ મૂલ્ય આંકે છે અથવા પોતાની જાતને મૂલ્યહીન ગણે છે. પણ આથી વ્યક્તિ ગુરુગ્રંથી કે લઘુગ્રંથીથી પીડાઈને દુ:ખી જ થાય છે. આપણી મર્યાદાઓ આપણે સાચી રીતે સમજવાની જરૂર છે. તે અનુસાર આદર્શો નક્કી કરી તે તબક્કાવાર કેવી રીતે હાંસલ કરાય તેનું વાસ્તવિક આયોજન કરવું જોઈએ, ન આપણે મિથ્યાભિમાની થવાનું છે, ન લઘુતામાં પુરાઈ જવાનું છે.

આપણો અહંકાર નાની નાની ક્ષુદ્ર વાતો માટે મિથ્યાભિમાન જાળવવાનો પ્રયત્ન કરે છે. આ અહંકાર પ્રાણી અને છોડમાં પણ જોવા મળે છે. પાલતુ પ્રાણીને ખૂબ વખાણો, પંપાળો, તે શરીરને ટટાર કરી દે છે. તેવું જ છોડ બાબત પણ છે.

માતાજી તેની એક વાત કરે છે. પૅરિસમાં એક વનસ્પતિ ઉદ્યાન છે. 'લ જાંદ દ પ્લો' તેમાં વનસ્પતિ ઉપરાંત પ્રાણી પણ છે. એક વખત પ્રાણી સંગ્રહાલયમાં એક નવા

સિંહને લાવવામાં આવ્યો. પાંજરામાં મુકવામાં આવ્યો, તે પાંજરામાં અધવચ્ચે જ એક બારણું હતું. લોકો જોવા આવે ત્યારે તે તેની પાછળ લપાઈ જતો. માતાજી જોવા ગયા ત્યારે તેણે એમ જ કર્યું. માતાજીએ એક પ્રયોગ કરવાનું નક્કી કર્યું.

લોકો ન હોય ત્યારે પોતે પાંજરા પાસે પહોંચી ગયાં. પછી પ્રેમથી સિંહ સાથે વાત કરવા લાગ્યા :

''અરે ! તું કેવો તો સુંદર છે ! તારે લપાવાની શું જરૂર ? બધાં મને કહે છે કે તેમને આવો સુંદર સિંહ જોવો ગમે પણ બચારા શું કરે ? તું તો દેખાતો જ નથી. તેથી આજ ખાસ તને કહેવા આવી છું. તને કોઈ હાનિ પહોંચાડવા માંગતું નથી. તેઓ ફક્ત તને જોવા જ માંગે છે. મારે પણ તને જોવો છે માટે ખાસ હમણાં આવી છું. મને તારી સાથે વાત કરવી કેટલી બધી ગમે છે !''

માતાજી આવી રીતે આત્મીયતાથી બોલતા હતાં, ત્યાં પ્રથમ સિંહે દરવાજા પાછળથી ડોક લંબાવી. ત્રાંસી આંખે જોઈ રહ્યો. પછી એક પંજો લંબાવ્યો, પછી ડોકાઈને માતાજી તરફ જોવા લાગ્યો. પછી ધીમેથી દરવાજામાંથી આગળ આવી અધવચ્ચે ઊભો રહ્યો. પૂંછડી પટપટાવવા લાગ્યો. થોડો આઘો પાછો થયો, પછી ધીમેથી પાંજરાના સળિયા પાસે આવી તેની સાથે પોતાનું નાક ઘસવા લાગ્યો.

પ્રાણીઓ આપણી ભાષા કદાચ નહિ સમજતા હોય પણ પ્રેમ અને આત્મીયતાનાં આંદોલનો જરૂર સમજી શકે છે. આંદોલનો બધાં જ સ્વીકારી શકે છે, દેખીતા નિર્જીવ પદાર્થો પણ.

તે વખતે તે સિંહ જાણે મને કહેતો લાગેલો, ''આખરે મને સમજનાર કોઈક તો અહીં છે !''

બાળકો, આપણને જે કુદરતે આપેલ છે તે ઉદાર ભાવે આપતા શીખો. પ્રેમ, સ્નેહ, આત્મીયતા. આ બધી વસ્તુઓ અન્યને છૂટે હાથે આપો. આની ટેવ હમણાં પાડશો તો મોટા થયા પછી તમને સમાજે આપેલું પણ તમે આપવાની ઉદારતા દર્શાવશો. દા.ત. જ્ઞાન, માન-પાન, ધન વગેરે.

બીજાના આનંદમાં સાચા દિલથી સહભાગી થવું એ પણ એક પ્રકારની ઉદારતા છે ખેલદિલીથી જીવન જીવો. પોતાના અહંકારની કેદમાં રીબાઓ નહિ. બીજામાં રહેલી શ્રેષ્ઠતાને, ઉત્કૃષ્ટતાને ઓળખવી, તેને જ નૈતિક ઉદારતા કહે છે.

# ગીતાનિબંધો

- શ્રી અરવિંદ

## પરમ રહસ્ય

(પૃ.૬૩૪-૬૫૯)

**અવતરણો** - પ્રકરણ - ૨૦

૧ ગીતાના યોગનો ઉદ્દેશ આ પ્રમાણે છે : અહં અને વ્યક્તિતાવાળા માનસનાં બંધન તોડીને તેમાંથી બહાર નીકળવું, તથા આત્મા અને ચૈતન્યની વિશાળતામાં સ્થિર થઈને સઘળું નિહાળવું, પ્રભુને જાણવો અને એના સમગ્ર સત્ય - સ્વરૂપમાં અને સર્વ - સ્વરૂપોમાં તેને ભજવો. પ્રકૃતિની પાછળ જે પરાત્પર પુરુષ રહેલો છે તેને પોતાની સમગ્ર જાત સમર્પણ કરી દેવી. દિવ્ય ચેતનાથી આવિષ્ટ થવું, પ્રેમ અને આનંદની તથા સંકલ્પશક્તિ અને જ્ઞાનમાં રહેલી વિશ્વમયતા સાથે એકતા સાધવી...... તેને સમર્પિત યજ્ઞ તરીકે કર્મો કરવાં.....પૃ. ૬૩૪

૨ અક્ષરનો સાક્ષાત્કાર પહેલી નિશાની છે. પૃ. ૬૩૭

૩ આપણી સમગ્ર ચેતનાને કોઈ વધારે મહાન અંતરની સ્થિતિમાં પલટાવીને તેનું રૂપાંતર સાધવાથી એ પરમ સિદ્ધિ અને આત્માની મુક્તિ પ્રાપ્ત થાય છે.

૪ નિર્વૈયક્તિતામાં રહીને પ્રવૃત્તિનો જીવનમાં સાક્ષાત્કાર કરવો એટલું બધું સહેલું નથી. પૃ. ૬૪૧

૫ નિર્વૈયક્તિક નીરવતા આ વિષયમાં જ્ઞાનનો આખરી શબ્દ નથી..... આના કરતાં વધારે સમર્થ, વધારે પૂર્ણ, વધારે ભાવાત્મક આધ્યાત્મિક અનુભૂતિ રહેલી છે.પૃ. ૬૪૧

૬ તમારું વ્યક્તિત્વ પણ તમારું પોતાનું નથી, એ પણ ભગવાનની પરિસ્થિતિને અનુકૂળ થવાની શક્તિનું પ્રતિનિધિ છે. પૃ. ૬૪૩

૭ નિષ્ક્રિયતા જે આપણને એના અનંત કાર્ય સાથે બંધબેસતા કરે છે. પૃ. ૬૪૩

૮ આપણે સઘળી વસ્તુઓને (પ્રથમ) આપણી અંદર (આત્મનિ) અને ત્યાર પછી ઈશ્વરમાં (મયિ) જોવાની છે. પૃ. ૬૪૪

૯ આ જ્ઞાન વધારે ગુહ્ય પ્રકારનું - 'ગુહ્યાત્ ગુહ્યતરમ્' છે. પૃ. ૬૫૨

૧૦ એનાથી વધારે ગુહ્યમાં ગુહ્ય વસ્તુ (ગુહ્યતરમ્) ગીતાએ વિકસાવેલું દિવ્ય પુરુષોત્તમનું ગહન અને સમન્વય કરનારું સત્ય છે.પૃ. ૬૫૫

**૧૧ હવે ગીતાની પરમવાચા, 'ગુહ્યતમમ્' સૌથી વધારે ગૂઢ રહસ્ય આવે છે..... આપણો યોગ, આપણું જીવન, આપણી અંતરની વ્યવસ્થા આ સજીવ અનંતને હાથે મુક્તપણે નિર્માણ થવું જોઈએ..... પૃ. ૬૫૭**

**૧૨ પરમાત્માનાં અનંત સત્-ચિત્ અને આનંદ આપણામાં તેની સ્થિર નીરવતામાં અને પ્રકાશિત પ્રવૃત્તિમાં પણ હાજર થશે.પૃ ૬૫૮**

## **સમજૂતી** - માનસિંહ ચાવડા

ગીતામાં જણાવેલ યોગનો ઉદ્દેશ નીચેનાં વિધાનો દ્વારા કહી શકાય :

૧ અહં-પ્રધાન વ્યક્તિતાના માનસિક, પ્રાણમય અને શારીરિક બંધનોમાંથી મુક્ત થવું.

૨ ચૈતન્યની અસીમ વિશાળતામાં જીવવું.

૩ તે વિશાળતામાં રહી પરાત્પર પ્રભુના સ્વરૂપને જાણવું જે આ જગત અને પ્રકૃતિની પાછળ રહીને, તેના પાયારૂપ બનીને, પોતાનો તેની દ્વારા આવિર્ભાવ કરી રહ્યો છે.

૪ તે પરાત્પર પ્રભુ સાથે તેની વિશ્વમયતા બાબત પણ સભાન બનવું અને તેની દ્વારા સમગ્ર જગતના વિકાસનું આયોજન સમજવું.

૫ તે અનુસાર પરાત્પર પ્રભુની પ્રભુતા, પ્રેમ, આનંદ અને સંકલ્પ દ્વારા થતાં કાર્ય વૈશ્વિક યજ્ઞ જાણી તેમાં સહભાગી થવું અર્થાત્ બધાં જ કર્મો તે પ્રીત્યર્થે યજ્ઞક્રિયા સમજી પ્રભુ મારી દ્વારા કરી રહ્યાં છે એમ જાણવું.

૬ આવી રીતે પ્રભુનાં સગુણ - નિર્ગુણ, સાકાર-નિરાકાર, સક્રિય-નિષ્ક્રિય, સૂક્ષ્મ-જડ બધાં જ સ્વરૂપો સાથે સમગ્ર રીતે એકરૂપ બનવું.

ગીતાના ૧૮/૫૭ શ્લોકમાં આ બધાંનો સાર નીચે મુજબ કહ્યો છે : ''તારી જાતને મને સમગ્ર રીતે સમર્પિત કરી દે, મત્પરાયણ બની જા. આવી બૌદ્ધિક - સમજણ સાથે સતત મારા સ્વરૂપ બની રહે.''

દરેક વ્યક્તિની સાચી વ્યક્તિતા, તેની સાચી જાત તેનો ચૈત્યપુરુષ છે. જીવ છે તે અહંકારથી મુક્ત હોય છે. તે જ પ્રભુના આવિર્ભાવનું કેન્દ્ર અને પ્રભુની સક્રિય શક્તિ સ્વરૂપ હોય છે. તેને અનુભવવો એ પ્રથમ પગલું છે.

તેની પાછળ તેને આધાર આપતો એવો જીવાત્મા હોય છે, જે પરાત્પર પ્રભુનો સાચો સનાતન અંશ હોય છે અને તે બાબત સદા સર્વદા સભાન હોય છે. પણ તે નિષ્ક્રિય અને સાક્ષીભૂત અક્ષરપુરુષ તરીકે રહેલો છે. જીવ માટે પરાત્પર પ્રભુએ સેવેલ સંકલ્પ આ અક્ષરપૂરુષમાં સચવાએલો હોય છે, જેને તે જીવ પોતાનો સ્વધર્મ અને સ્વ-ભાવ

સમજતો હોય છે. જીવાત્મા પોતાની વૈશ્વિક વિશાલતામાં જીવતો હોય છે. આ અક્ષરપુરુષનો સાક્ષાત્કાર બીજું પગથિયું છે. આ સાક્ષાત્કારમાં નીરવતા, નિર્વૈયક્તિતાનો અનુભવ આવે છે. એક નિરાકાર નિષ્ક્રિય અસ્તિત્વ માત્રનો અનુભવ આવે છે. તેમાં બધાં સુખ-દુઃખોથી મુક્તિ મળી ગએલી હોય છે, કારણ આ સુખ-દુઃખો એ અહંપ્રધાન વ્યક્તિતાના ક્ષેત્રની ઘટના હોય છે, જે ખૂબ જ પહેલાં છૂટી ગએલા હોય છે.

હવે આગળના તબક્કામાં આ મુક્તિને જીવનમાં કેવી રીતે સ્થાયી કરવી તેનો ઉપાય શોધાય છે. નીરવતા, મુક્તિ અને નિર્વૈયક્તિકતા અને જીવન વચ્ચે તે માટેના વિવિધ ઉપાયો પણ છે. દા.ત

૧ બૌદ્ધ ધર્મનું મહાયાન પંથી ઉપાય યોજના એ છે નિર્વાણની ભૂમિકામાં રહીને (અક્ષરપુરુષની ચેતનામાં રહીને) બધી આસક્તિઓ, કામનાઓ અપેક્ષાઓથી મુક્ત રહેતાં રહેતાં પ્રાણીઓ પ્રત્યે અમાપ કરુણાભાવથી ભૌતિક જીવનને અપનાવો.

૨ તાઓ પણ અક્ષર-પુરુષની અનુભૂતિને પરમ-સત્ય સમજે છે, પણ વ્યક્તિગત જીવનને વૈશ્વિક-જીવન કરતાં ઉતરતું ગણે છે. અક્ષર-પુરુષ જ આ સમગ્ર વિશ્વદ્વારા પ્રગટ થઈ રહ્યો છે. વ્યક્તિગત જીવન તો તેમાં વળેલાં ફીણ જેવાં છે એમ તે જણાવે છે.

''તમારું વ્યક્તિત્વ પણ તમારું પોતાનું નથી. એ પણ પરમ-પ્રભુની પરિસ્થિતિને અનુકૂળ થવાની ક્ષમતાનું પરિણામ માત્ર છે.'' સારાંશ વૈશ્વિક અને શાશ્વત શક્તિના હાથમાં પ્રજ્ઞાવાળી એવી પ્રશાંત નિષ્ક્રિયતા યોગીએ જીવનમાં ધારણ કરી રાખવાની છે, જેથી આપણું જીવન તેને અનુકૂળ બની રહે. તાઓની આ સમજણમાં ગીતાનાં 'લોકસંગ્રહાર્થ' કર્મો કરવાના ઉપદેશનો મર્મ સમજાય છે.

પણ ગીતા અહીંથી પણ આગળ વધે છે. અક્ષર-પુરુષના સાક્ષાત્કારમાં સર્વ વ્યક્તિતાને બાતલ રદ્દ કરવાનો, જે આગ્રહ છે તે ગીતા મુજબ ઊંચામાં ઊંચું રહસ્ય નથી. અફાટ વ્યક્તિતા રહિત નિર્વૈયક્તિક બ્રહ્મ છે, જેને ગીતા અક્ષર પુરુષ તરીકે માન્ય રાખે છે. પણ આ સાકાર સક્રિય અનંત વ્યક્તિરૂપો ધરાવતું જગત (ક્ષરપુરુષ) અને અક્ષર-પુરુષ બન્નેનો સમાવેશ કરી બન્નેનો સમન્વય સાધતું બ્રહ્મનું એક પુરુષોત્તમ સ્વરૂપ પણ છે જેમાં વ્યક્તિગત અનંતરૂપો ધારણ કરેલ એવું એક વૈશ્વિક વિશ્વપુરુષનું અગ્રભાગે રૂપ છે, જેની પાછળ અપ્રગટ પાસા તરીકે અક્ષરપુરુષ રહેલ છે. બન્ને પાસાં પૂર્ણ સંવાદમાં છે કારણ અક્ષર-પુરુષમાં જે પ્રભુનો સંકલ્પ છે તે જ આ અનંત રૂપોવાળા પાસામાં સાકાર થતો હોય છે અને સાર્થક બનતો હોય છે.

આ પુરુષોત્તમનું સ્વરૂપ આપણા સ્વરૂપમાંનાં હૃદયમાંની પ્રેમ અને આરાધના જેવી માંગણીઓને સંતોષે છે.

ગીતા એટલું જ કહીને થંભી જતી નથી કે પુરુષોત્તમમાં આ બધાંનો સમન્વય કરવો જરૂરી છે, પણ એક નાનકડું સૂચન કરીને તે તેવી સાધનાને એક નવું આયામ આપે છે. ગીતા જણાવે છે આ ક્ષર-અક્ષરનો સમન્વય ફક્ત પરાત્પર પ્રભુના સ્વરૂપમાં જ કરવાનો નથી પણ પોતાના વ્યક્તિગત સ્વરૂપમાં પણ યોગીએ કરવાનો છે. 'આત્મનિ અથો મયિ' એમ ગીતા જણાવે છે. આને કારણે બે પ્રકારની સંવાદમયતા રચાય છે : (૧) ક્ષર-અક્ષરની (૨) વ્યક્તિ અને વૈશ્વિક સ્વરૂપની. ઉપરના ખૂબ જ મહત્ત્વના ત્રણ શબ્દોમાં ખૂબ જ વિરાટ રહસ્ય રહેલું છે. આમાં સક્રિયતા અને નિષ્ક્રિયતાનાં બે કાંઠા ધરાવતું વ્યક્તિગત જીવન જાણે વૈશ્વિક-સ્વરૂપનાં મહાસાગરમાં મળતું લાગે છે ! આવા જીવનમાં આધ્યાત્મિક જ્ઞાનની પૂર્ણ સમજણ હોય છે. વૈશ્વિક-શક્તિઓ સાથે કામ કરવાની ક્ષમતા પણ હોય છે અને શાશ્વત આત્માનંદને પણ તે અનુભવે છે. આ બધું યોગીનાં ચૈત્યપુરુષમાં એકાગ્રતા મારફત તીવ્ર રીતે પ્રગટ થતું હોય છે. આવો યોગી દિવ્ય-જીવનનું એક નાનકડું વિશ્વ બની જાય છે. તે દિવ્યકર્મ અને પ્રભુનાં અવિર્ભાવનું જીવંત કેન્દ્ર હોય છે. આ અવસ્થાને જ પ્રભુ - ચેતનામાં પ્રવેશીને રહેવું (નિવસિષ્યસિ મયૈવ) એમ ગીતા જણાવે છે. આ જ પુરુષોત્તમનું 'રહસ્યં ઉત્તમમ્' છે. આમાં વ્યક્તિ સ્વરૂપનાં બધાં જ તત્ત્વો અને કરણો આ પુરુષોત્તમરૂપી સ્વામીનાં અભિમુખ થએલાં હોય છે, જેને ગીતા 'બુદ્ધિયોગ-મુપાશ્રિત્ય' તરીકે વર્ણવે છે, જેમાં બૌદ્ધિક સમજણથી ચેતનાએ યોગ-નિષ્ઠાનું સ્વરૂપ ધારણ કરેલું હોય છે. તેથી યોગી સતત પ્રભુની સભાનતા કેળવતો થાય છે. 'સતતં મચ્ચિત્ત' બની જાય છે.

આ પરમ-ધર્મ છે. બાકીના ધર્મો આની પૂર્વ તૈયારી રૂપ જ છે. કારણ આ પરમ-ધર્મ જ પરાં શાંતિય આપે છે અને 'સ્થાનં શાશ્વતમ્' પણ આપે છે. આ જ 'ગુહ્યાત્ ગુહ્યતરમ્' છે અને 'સર્વગુહ્યતમ્' છે. આ જ શ્રીકૃષ્ણનું 'પરમ-વચઃ' છે.

આની દ્વારા આત્માનું સાચું સ્વરૂપ જેવું છે તેવું પ્રગટ થાય છે (યાવાન્ યશ્ચાસ્મિ તત્ત્વતઃ) ઉપનિષદો આને આત્મા પોતાનું ગુપ્ત સ્વરૂપ અને શરીર પ્રગટ કરતો જણાવેલ છે (સ્વાં તનુમ્)

૧૮મા અધ્યાયના ૬૫મા શ્લોકમાં આ બધાનો સાર શ્રીકૃષ્ણ જણાવે છે :

તારા મનસ્તત્ત્વ દ્વારા મને પ્રગટ કર (મન્મના ભવ). તારા પ્રાણ તત્ત્વ દ્વારા મને પ્રગટ કર (મદ્ભક્તો). તારા કર્મો દ્વારા, પાર્થિવતત્ત્વ દ્વારા મને પ્રગટ કર (મદ્યાજી). સમાજમાં ફરતી વખતે બધાંમાં મને પ્રગટ થતો અનુભવ (માંનમસ્કુર). આમ કરવાથી તું મારી પુરુષોત્તમ સ્વરૂપ દિવ્ય-પરમ-ચેતનામાં પ્રવેશી મારા રૂપ જ બની જઈશ (મામેવૈશ્યસિ). તારા સ્વરૂપમાંનાં બધાં તત્ત્વો પોતાનો સ્વભાવ વિશેષ છોડીને (સર્વ ધર્માન્ પરિત્યજ્ય). મારી અભિવ્યક્તિનાં કરણ બનવા પોતાનું સમગ્ર સમર્પણ કરી દેશે (મામેકં શરણં વ્રજ). આમ કરવાથી બધાં તત્ત્વોમાંના ગુણદોષોથી તે પરમ-ચેતના

સ્વરૂપ પુરુષોત્તમ જ તેને મુક્ત કરી દેશે (અહં ત્વાં સર્વ પાપેભ્યો મોક્ષયિશ્યામિ મા શુચઃ).

આ જ અંતિમ ગૂઢતમ સાક્ષાત્કાર છે, કારણ -

(૧) તે નિર્વૈયક્તિક આત્મા અને વ્યક્તિ-સ્વરૂપ આત્મા, પુરુષ બન્નેનો સમન્વય સાધે છે.

(૨) તે બૌદ્ધિક સમજણને પણ સંતોષે છે અને આધ્યાત્મિક ગૂઢ-અનુભૂતિઓને પણ.

(૩) તેની યોગ - સાધના બધી સાધના-પદ્ધતિઓનો સમાવેશ કરી લે છે.

(૪) તેમાં જગતમાં દેખાતાં બધાં જ દ્વંદ્વો અને વિરોધોનો સમન્વય થઈ જાય છે.

(૫) અપરાપ્રકૃતિનું પરાપ્રકૃતિમાં રૂપાંતર કરવાની સમજણ મળે છે.

(૬) વિશ્વમય અને વિશ્વાતીત પરમાત્માનો અહીં સમન્વય સધાય છે.

(૭) અંતરાત્મા અને પરમાત્માનું સાચું સ્પષ્ટીકરણ મળે છે.

(૮) કાળ અને કાલાતીત તત્ત્વનો ઉકેલ અહીં મળે છે.

(૯) આમાં જીવનની ઘટનાઓનું આધ્યાત્મિક ગૂઢ રહસ્ય પ્રગટ થાય છે.

અંતિમ જણાવેલ જીવનનાં કોયડાનો ઉકેલ ગીતા નીચે મુજબ સમજાવે છે :

આપણા જીવનમાંનાં બધાં કર્મો એ આપણા અંતરમાં અને આજુબાજુ સર્વત્ર રહેલ પુરુષોત્તમ ચેતનાની હાજરીને કારણે અનુભવાતું ગુપ્ત નીરવ દબાણના જવાબરૂપે દર્શાવેલાં આપણા વૈચારિક, ભાવનાત્મક અને કર્મરૂપે પ્રગટ થએલાં પ્રત્યાઘાતો અને પ્રતિકાર્યો માત્ર છે. તે આપણે અભાન રીતે કરતાં હોઈએ છીએ એટલું જ.

આપણી વિચારપૂર્વક ગોઠવેલી યોગસાધના, તેમાં અંતર્ગત પ્રાર્થના, ધ્યાન, સેવાપૂજા, એ બધું આપણી અધૂરી સમજણને કારણે જ અધૂરાં અને પરિણામશૂન્ય બની જાય છે, કારણ પરાત્પરના દબાણનો સાચો હેતુ આપણે સમજી શકેલાં હોતા નથી.

તેથી આપણાં આ બધાં હવાંતિયાં બંધ કરીને નીરવ થઈ આપણે પોતાને તે પરાત્પર-ચેતનાને સોંપી દઈએ તો તે જ આપણી ચેતનાને પરાત્પરના સંકલ્પ સાથે આપણને વિશાળ રીતે મુક્ત રીતે ગોઠવી દે છે, જેથી પરાત્પરના સંકલ્પોને આપણે યોગ્ય રીતે સમજીને તેના સાચા વાહક બની જઈએ. આપણી સાધનાનું સ્વરૂપ અને જીવનશૈલી આ સજીવ અનંત પરાત્પર ચેતનાના હાથે જ ગોઠવાવું જરૂરી છે, જેથી તેમાં આપણી અજ્ઞાનમય ગેરસમજો વિકૃતિ ન લાવી શકે. તેથી આપણામાંનું વ્યક્તિગત સત્ય અને વૈશ્વિક ચેતનાનું વૈશ્વિક-સત્ય સુસંવાદમાં રહી શકશે.

પરાત્પર પ્રભુ પોતાની ઈચ્છા મુજબ જ્યારે અને જે રીતે આપણી અંદર અનંતનાં રૂપો ઘડવા ચાહે એ રીતે ઘડી શકશે. તે રૂપો દ્વારા તે વિના અવરોધે પૂર્ણ, શુદ્ધ, નિત્ય સ્વરૂપે પ્રગટ થશે. આવી રીતે જીવતા યોગીનાં કર્મ ‘મુક્તસ્ય કર્મ’ બની જશે.

આ જ ગીતાનું પરમ-રહસ્ય છે.

# માનવવિકાસ ચક્ર
- શ્રી અરવિંદ

પુસ્તક પરિચય - કે.કે.ખખ્ખર

(લેખ ક્રમાંક - ૧૬)

## સંસ્કારિતા : સૌંદર્યયુક્ત અને નીતિપ્રધાન

સંસ્કૃતિ અને સંસ્કારિતા સંબંધી શ્રી અરવિન્દે આપેલી સમજૂતી આપણે આગળ જોઈ ગયાં છીએ. આથી સંસ્કારિતાનો અર્થ વધુ સ્પષ્ટ થયો છે એટલું જ નહીં, પરંતુ સંસ્કારિતા - વિરોધી બાબતો કઈ તે પણ સ્પષ્ટ બની ગયું છે. અસંસ્કારિતા અંતર્ગત અમાનસિક અથવા અમાનવીય બાબતોનો સમાવેશ થાય છે. શ્રી અરવિન્દે તેને સ્થૂળ સ્વરૂપની, જંગલી કે બર્બર અવસ્થા કહી છે.

શ્રી અરવિન્દે આપણને સમજાવ્યું છે કે કેળવણી અને જ્ઞાનવિજ્ઞાનના વિકાસ સાથે સાધન - સગવડો વધ્યાં અને લોકોને સમૃદ્ધ કહેવાતું આર્થિક જીવન પ્રાપ્ત થયું. પરંતુ માત્ર સ્થૂળ રીતે જીવવામાં આવતું આર્થિક જીવન સંસ્કારી હોઈ શકે નહીં એમ પણ શ્રી અરવિન્દ સ્પષ્ટ કર્યું. આવા જીવનમાં ધન-સંપત્તિ કેન્દ્રસ્થાને હોય છે અને માણસ ઈન્દ્રિયોને આધિન રહીને કુટુંબવૃદ્ધિ અને કુટુંબ - નિર્વાહની પ્રવૃત્તિમાં રચ્યો-પચ્યો રહે છે. આ સિવાયની બાબતો સાથે તેને કશી લેવાદેવા હોતી નથી.

જો કે, શ્રી અરવિન્દે એમ સમજાવ્યું છે કે એવું પણ નથી કે અર્થપ્રધાન સમાજમાં શિષ્ટતા અને સંસ્કારિતા વિષે લોકોને કશી ગતાગમ હોતી નથી. આવો સમાજ બાહ્ય રીતે શિષ્ટ અને સુધરેલો હોવાનો આભાસ સર્જી શકે છે, પરંતુ તેના મૂળરૂપમાં તે બર્બર કે અર્ધ-બર્બર હોવાનું જોવા મળશે. આવા સમાજના લોકોની મોટાભાગની પ્રવૃત્તિ નર્યા વ્યવહારુ અને આર્થિક દૃષ્ટિબિન્દુથી પ્રેરાયેલી હોય છે. તેમની પાસે કશા જ દેખીતા ઉપયોગ વગરની બેસુમાર સાધનસામગ્રી હોય છે. માનવબુદ્ધિનો ઉપયોગ પણ માત્ર અર્થ-ઉપાર્જન સારુ જ કરવામાં આવતો હોય છે. આવો સમાજ ઊર્ધ્વદિશામાં ગતિ કરતો સંસ્કારી સમાજ હોવાની કોઈ પ્રતીતિ થતી નથી. મોટાભાગના લોકો વિચાર વિનાનું જીવન જીવ્યે જતાં હોય છે. તેમનું જીવન કારાગારમાં પૂરાયેલા કેદીઓના જીવન જેવું બંધિયાર હોય છે. અલબત્ત, શ્રી અરવિન્દ કહે છે તેમ, આવા લોકો પણ ક્યારેક તેમના કારાગારની બારી ખોલવા

પ્રયાસ કરતા હોય છે ખરા, પરંતુ તે પૂરતું નથી. તેમણે કારાગારની બહાર નીકળીને સૌંદર્ય અને સંસ્કારયુક્ત જીવનની તાજી હવા અને પ્રકાશમાં વિસ્તારવાનું રહે છે. તેમણે વિશાળ બૌદ્ધિક જિજ્ઞાસાનાં બનેલાં મુક્ત નૈતિક આદર્શો સુધી પહોંચવા માટેની સંકલ્પશક્તિ કેળવવાની રહે છે. તેમણે સંસ્કારયુક્ત જીવનનાં નીતિનિયમો અનુસાર પોતાનાં જીવનને દોરવાનું છે.

શ્રી અરવિન્દ આપણું ધ્યાન એ બાબત તરફ દોરે છે કે માણસ સ્થૂળ ભૌતિક જીવનથી ઉપર ઊઠીને ઉચ્ચ માનસિક જીવનમાં પ્રવેશ કરે તો પણ આવા જીવનની પોતાની કેટલીક દ્વિધાઓ છે. સંભવિત છે કે માનસિક જીવનની ઉચ્ચ ભૂમિકાએ પણ જૂના સ્થૂળ જીવનની ચોક્કસ સંકુચિતતાઓ લોકોનો પીછો છોડતી નથી. વળી આ ભૂમિકાએ લોકોએ કેટલાંક દ્વંદ્વોનો સામનો કરવાનો રહે છે. જેમ કે લોકો સદાચાર અને સંસ્કારિતા વચ્ચે ભેદ કરતા હોવાનું જણાશે. આમ તો આપણી સમજણ અનુસાર સદાચાર એ સંસ્કારિતાનો જ એક હિસ્સો છે. આમ છતાં લોકો જ્ઞાન-વિજ્ઞાન, બુદ્ધિ-વિચાર અને સૌંદર્યયુક્ત જીવનને સંસ્કારિતાનું નામ આપીને તેને એક પલ્લામાં મૂકે છે અને બીજા પલ્લામાં વ્યક્તિના ચારિત્ર્ય અને સદાચારને નૈતિકતા સ્વરૂપે મૂકી આપે છે. કેટલાક ધર્મો સદાચારને નૈતિકતાના ઊંચા ધોરણ તરીકે સ્થાપિત કરીને સદાચારયુક્ત જીવનને ધાર્મિક અને આધ્યાત્મિક જીવન તરીકે સ્વીકારે છે. આ પ્રકારના જીવનમાં જ્ઞાન-વિજ્ઞાન કે તત્ત્વજ્ઞાનની છાંટ ન હોય તો પણ તેને વાંધાજનક ગણવામાં આવતું નથી. આવું, કહેવાતું ધાર્મિક કે આધ્યાત્મિક જીવન સમાજજીવનના સૌંદર્યયુક્ત પાસાઓ તરફ તટસ્થ હોવાનું જણાશે.

શ્રી અરવિન્દ કહે છે કે સંસ્કારિતાના સંદર્ભમાં નૈતિકતા અને સૌંદર્ય વચ્ચેના સંઘર્ષનું ઉદ્‌ભવ - સ્થાન લોકોના માનસિક વલણોમાં રહેલું છે. લોકોના માનસમાં એક દૃઢ થયેલું હોય છે કે ચારિત્ર્યયુક્ત જીવન એટલે નૈતિક જીવન. વળી, લોકો એમ સમજે છે કે સૌંદર્યયુક્ત માણસ સંવેદનશીલ હોય છે અને તે વિલાસિતામાં સરી પડે છે. શ્રી અરવિન્દ જીવનના વિવિધ રસોને મહત્ત્વ આપે છે અને તેને સૌંદર્યયુક્ત જીવનની સાથે જોડી બતાવે છે. શ્રી અરવિન્દ એક મુદ્દા પર ખૂબ જ સ્પષ્ટ છે કે ખરા અર્થ મુજબનો સૌંદર્યભક્ત મનુષ્ય વાસ્તવમાં આનંદનો ઉપાસક હોય છે. આવી વ્યક્તિને વિલાસી અને અનૈતિક ગણવી યથાર્થ નથી. સૌંદર્યપ્રેમી વ્યક્તિની

(પૃ.૨૧ ઉપર)

# સાવિત્રી

- શ્રી અરવિંદ

**સમજૂતી** - માનસિંહ ચાવડા

Savitri B-1, C-3 P 37

## અચેતનની ભીતર

પ્રકરણ - ૯૬

અવચેતનમાં ઉતરેલા અશ્વપતિનો ચૈત્યપુરુષનો પ્રકાશ હજી નબળો હતો. તે જાણે અવચેતનનાં ઘોર અંધકારને વધારે ઘેરો બનાવી મૂકતો હતો, પણ તે તદ્દન નિષ્પ્રભ નહોતો જ. તેણે પોતાનું દિવ્ય-કાર્ય તો શરૂ કરી દીધું હતું.

દિવ્ય-પ્રકાશની હાજરીને જ કારણે અવચેતનમાં ખળભળાટ મચી જાય છે. અવચેતન તે પ્રગટ થવા દેતું નથી, પણ તે દિવ્ય-પ્રકાશમાંથી સતત નીકળતાં આંદોલનો અવચેતન અને અચેતનમાંના સંસ્કારો ઉપર જુદી જુદી રીતે પ્રભાવ પાડવા માંડે છે.

સારા ઉત્તમ સંસ્કારો જાગૃત થઈને ઉપર આવવા માંડે છે. તેમને તે પ્રકાશ પોષણ આપતો હોય છે. તે સંસ્કારો તેને કારણે સંચિત કર્મમાંથી પ્રારબ્ધ કર્મ અને પ્રારબ્ધ કર્મમાંથી ક્રિયમાણકર્મના ક્ષેત્રમાં પ્રવેશ મેળવવા ઊર્ધ્વગતિ કરતાં લાગે છે, તેથી સાધકને સાધના શરૂ કર્યા પછી શરૂઆતમાં એક તબક્કામાં પોતાનાં ધાર્યાં કામો પાર પડતા લાગે છે. મુશ્કેલીઓનો ઉકેલ આવતો લાગે છે.

આ ચૈત્યપુરુષના પ્રકાશનો પ્રથમ પરિણામ થાય છે.

જે કુસંસ્કાર છે તેઓને આ પ્રકાશ સહન થતો નથી, તેથી તેઓ અવળી ગતિ પ્રાપ્ત કરે છે. તેઓ ક્રિયમાણ કર્મમાંથી નીચે આવીને પ્રારબ્ધકર્મનાં ક્ષેત્રમાં પ્રવેશે છે. ત્યાં પણ તેમને ચૈત્યપુરુષનો પ્રકાશ આકરો લાગે તો તેઓ પ્રારબ્ધ કર્મના ક્ષેત્રમાંથી સંચિત કર્મના સહુથી નીચેના અચેતનનાં ક્ષેત્રમાં પ્રવેશીને લપાઈ જાય છે. આને કારણે જ સાધકની મુશ્કેલીઓ હળવી થતી લાગે છે. પણ આ બધી પ્રાથમિક ક્રિયાઓ છે. આ પછી તો છંછેડાયેલા અવચેતન અને અચેતનનાં હુમલાઓનો સામનો કરવાનો રહે છે.

આ સમગ્ર પ્રક્રિયાને શાસ્ત્રો 'સત્વસંશુદ્ધિ' કહે છે. આપણો સ્વભાવ આવા ગતજન્મનાં સંસ્કારોથી બનેલો હોય છે. તે અજ્ઞાનમય સ્વભાવ જ 'સત્વતા' અર્થાત્ જીવભાવ નિર્માણ કરે છે. સત્વનો અર્થ અજ્ઞાનજન્ય આપણું સ્વરૂપ. પણ આવા સત્વભાવનાં બંધારણથી આપણી આધ્યાત્મિક પ્રગતિનાં દ્વાર બંધ ન થઈ જાય તેની કાળજી લેવામાં આવે છે. તે માટે પ્રકૃતિ પોતાનાં બંધારણમાં નીચે મુજબની ગોઠવણ સદા

કરતી હોય છે :

આપણાં જે મોટામાં મોટા અવગુણો હોય છે, જે કુસંસ્કારો તરીકે ક્રિયમાણ કર્મમાં ગોઠવેલાં હોય છે તેના નીચેનાં પ્રારબ્ધ કર્મનાં સ્તરમાં તે જ અવગુણના વિરોધી ગુણને પોષક એવા સારા સંસ્કારો પણ ગોઠવેલ હોય છે. ખડક નીચે જેમ કુદરત મીઠાં પાણીનો સ્રોત ગોઠવે તેવી આ વાત હોય છે. માતાજી જણાવે છે કે આ જન્મે ચૈત્યપુરુષ કયા પ્રકારની પ્રગતિ કરવા જન્મ્યો છે એ શોધી કાઢવા સાધકે પોતાના અવગુણો નોંધી લેવા અને એક શ્રદ્ધા રાખવી કે આ અવગુણોને જીતવાની ક્ષમતારૂપે ચૈત્યપુરુષે આ અવગુણોનાં નીચે આપણાથી અજ્ઞાત એવા સારા સંસ્કારોરૂપી ક્ષમતા પણ વાવેલી હોય છે, તેને વિકસાવવાનો પ્રયત્ન આ જન્મે ચૈત્યપુરુષને કરવાની ઇચ્છા હોય છે. તે પ્રભુનું આયોજન હોય છે અને તેથી યશસ્વી નિશ્ચિત થવાનું જ હોય છે. આપણે શ્રદ્ધાથી પ્રયત્ન અને અભ્યાસ કરવાની ફક્ત જરૂર છે.

સારાંશમાં, માતાજી કહે છે એ વાસ્તવિકતા છે કે ચૈત્યપુરુષ એ આવા અવગુણો જીતવા એ જ આ જન્મનું મુખ્ય કાર્ય છે, જે આપણને પ્રભુના આવિર્ભાવના મુખ્ય હેતુ માટેનું એક પગલાં સ્વરૂપ બની રહે છે.

તેથી શ્રી અરવિન્દ જણાવે છે કે ત્યાં અવચેતનમાં તે અંધકાર છવાયા પ્રદેશમાં પણ જ્યાં જીવનનું ભાવિ અનિશ્ચિત લાગે છે, ત્યાં પણ ચૈત્યપુરુષના પ્રભાવથી કાર્ય પાર પડતું જ હોય છે, અને તેને કારણે જીવનમાં એક શ્રદ્ધાનું મોજું પ્રગટ થવા માંડે છે. શ્રી અરવિન્દ લખે છે કે -

But there too, in the uncertain shadow of life,
There was a labour and a fiery breath;

fiery breath એટલે શ્રદ્ધાથી જ્યોતિર્મય બનેલું જીવન. ત્યાં અવચેતનના સંદિગ્ધ ડગલાં નીચે એક દિવ્ય વિવેક-શક્તિ "Celestial Puissance" પોતાનું કર્મોને ફેરવીને ગોઠવવાનું કાર્ય કરતી જ હોય છે અને તે સમગ્ર ગોઠવણને ચૈત્યપુરુષ પોતે દૃષ્ટાભાવે સમતાથી નિર્લેપ રીતે જોતો અને સમજતો જ હોય છે. અને આ સમગ્ર પ્રક્રિયાને લીધે નિમ્ન પ્રકૃતિ ખૂબ જ સંઘર્ષ કરતી દેખાતી હોવા છતાં વચમાં વચમાં દિવ્ય અનુભૂતિઓ અને પ્રકાશનાં પ્રસંગો સર્જાતા જ હોય છે. શ્રી અરવિન્દ લખે છે કે,

The ambiguous cowled celestial puissance worked
Watched by the inner witness's moveless peace.

cowled એટલે સાધુ - સંન્યાસીઓ જે કફની પહેરે તે Witness એટલે સાક્ષીભૂત ચૈત્યપુરુષ, puissarce એટલે તેની દિવ્ય, સ્વયંભૂ વિવેક - નીરક્ષીર વિવેકબુદ્ધિ.

સાધકને આ સમગ્ર પ્રક્રિયામાં, અંતરાત્માના પ્રકાશમાં પરા-ચેતનાના સ્વરૂપનાં

ક્ષણિક ઝબકારાં થઈ જાય છે અને કાલાંતરે થતાં જ હોય છે અને સાધકને તે પરાચેતનાનું માર્ગદર્શન મળતું જાય છે. તેને અવનવી અનુભૂતિઓ આવતી જ હોય છે. આંતરિક સમજણ કેળવાતી જ હોય છે. ઘણી વખત આવા તબક્કાઓ આવે છે જેમાં ઘણીબધી અનુભૂતિઓ આવ્યે જ રાખે છે. શ્રી અરવિન્દ તેને "strong period" તરીકે વર્ણવે છે. સાધકને પોતાની સાધનાને જરૂરી મદદ અને માર્ગદર્શન એટલું ઝપાટાભેર મળતું હોય છે કે જાણે સાધનાની મોસમ પૂરબહાર ખીલી ઊઠી હોય. ચેતનામાં પ્રકાશ-છવાએલો હોય છે અને ગૂઢથી ગૂઢતર અનુભૂતિઓનો જાણે દોર શરૂ થએલો હોય છે. શરીરમાં જબ્બર વિદ્યુત-પ્રવાહ વહેતો હોય એવું લાગે છે. આજુબાજુનાં વાતાવરણમાં પણ કોઈ દિવ્ય-ઊર્જાથી ભારિત વાતાવરણ લાગે છે. શરીરમાં જાણે પરા-ચેતના અવતરણ પામી હોય એવું લાગે છે. સંસાર - સાગરની આ દેહરૂપી હોડીમાં ચૈત્યપુરુષરૂપી આત્મદેવ જળ-વિહાર કરવા પધાર્યા હોય એવું લાગે છે. "argoises" એટલે હોડકાંઓ. શરીરમાં અદ્‌ભુત ક્ષમતાઓ અને સિદ્ધિઓરૂપી દૈવી-સંપત્તિ કોઈ ગૂઢ અજાણ તત્ત્વ ભેટ - સોગાદ તરીકે મોકલતું હોય એવું લાગે છે, શ્રી અરવિન્દ લખે છે કે -

Even on the struggling Nature left below
Strong periods of illumination came:
Lightnings of glory after glory burned,
Experience was a tale of blaze and fire,
Air rippled round the argosies of the Gods,
Strange riches sailed to him from the Unseen;

સાધકની અક્ષરપુરુષની અવસ્થાસ્વરૂપ નીરવ-મનની સ્થિતિને શ્રી અરવિન્દ "blank of thought" કહે છે. આવી શૂન્યમનસ્ક અવસ્થામાં હવે અચાનક ફેરફાર થવા માંડે છે. અક્ષરપુરુષની ચેતનામાં સાધક અસીમ પ્રકાશમય ચેતના સ્વરૂપે સ્થિર થઈ આ જગત પ્રત્યે નિર્લેપતા, વૈરાગ્ય દર્શાવે છે. આ જગતનાં કાર્યકલાપ પ્રકૃતિનાં અસીમ સમુદ્રમાં ચાલતા વિવિધ આંતરપ્રવાહો એને મોજાંસ્વરૂપ લાગે છે.

પણ હવે સાધકની આ નિર્લેપદૃષ્ટિ આત્મદૃષ્ટિમાં ફેરવાઈ જાય છે. સાધકને જગતનાં વ્યવહારો અને ફેરબદલો હવે નિર્જીવ પ્રકૃતિમાં થતી ઘટનાઓ સ્વરૂપે દેખાતી નથી પણ પ્રભુ જ પોતાની અસીમ પ્રકાશમય ચેતનામાં પોતે જ પોતાનાં અવનવા અનંતરૂપો નિર્માણ કરી રહ્યાં છે, એવી પ્રભુની લીલાસ્વરૂપ લાગે છે. પેલી જ્ઞાન-દૃષ્ટિમાં હવે ભક્ત અને યોગીની દૃષ્ટિ ભળી જઈને આત્મદૃષ્ટિ તૈયાર થાય છે. સર્વત્ર પરા-ચેતના પોતે, પ્રભુ પોતે જ પોતાને પ્રગટ કરવા મથી રહ્યાં છે, એવાં દર્શન તેને થાય છે. આવી દિવ્ય-દૃષ્ટિને શ્રી અરવિન્દ "Spendeours of insight" કહે છે.

આ અવસ્થામાં સાધકનાં ચિદાકાશમાં, આંતરિક ચેતનામાં પ્રભુનાં પ્રત્યક્ષ માર્ગદર્શનની બે પદ્ધતિ પ્રગટ થવા લાગે છે. આમને જ શ્રી અરવિન્દ 'શ્રુતિ' અને 'દૃષ્ટિ' કહે છે. 'શ્રુતિની અનુભૂતિમાં આત્મ સ્ફુરણામાં હૃદયમાં 'શબ્દો' પડઘાય છે. તેને જ 'આકાશવાણી' તરીકે પુરાણો વર્ણવે છે. તે સાધકને માર્ગદર્શન, સંરક્ષણ, અગમચેતી, પૂરું પાડે છે. તે મન્ત્ર તરીકે પણ પ્રાત થાય છે. સાધકની આવી શ્રોતાની ભૂમિકા બંધાય છે.

બીજી અવસ્થામાં હૃદયપટલ ઉપર કોઈ દૃશ્ય ઊભરે છે, અંકિત થાય છે; જેને 'દર્શન' કે 'દૃષ્ટિ' કહેવામાં આવે છે. આ પણ ઉપર મુજબનું જ કાર્ય કરે છે. આને 'દૃષ્ટા'ની ભૂમિકા કહે છે. વેદકાલીન ઋષિઓને સતત વેદ-મંત્રો આ રીતે પ્રાપ્ત થયાં છે, કોઈ પણ પ્રયત્ન વગર, સહજ રીતે. પ્રયત્નને પુરુષાર્થ અથવા 'પુરુષેય' કહે છે. જ્યારે સહજ રીતે પ્રાપ્ત થએલ વસ્તુને 'અપૌરુષેય' કહેવામાં આવે છે. વેદો 'અપૌરુષેય' છે તે આ રીતે છે. તેથી જ વૈદિક ઋષિઓ બાબતમાં વેદો જણાવે છે કે 'ઋષયઃ મન્ત્ર શ્રોતારાઃ, મન્ત્ર દૃષ્ટારાઃ' ઋષિઓએ મંત્રો પોતે નિર્માણ કર્યા નથી પણ તેઓ તો ફક્ત મન્ત્રના શ્રોતા અને દૃષ્ટા હતાં.

આ બધી ઘટનાઓને જ શ્રી અરવિન્દ "splendours of insight" અર્થાત્ 'આંતરદૃષ્ટિની કમાલ' કહે છે. આ દિવ્ય વિજ્ઞાન, શુદ્ધ જ્ઞાનનાં પ્રગટ થવાની ઘટના બની જાય છે.

આવી ઘટનાથી સાધકનો શ્રદ્ધા અને આત્મવિશ્વાસ વધી જાય છે. વિશ્વાસ હવે કોઈ શંકા-કુશંકાથી ચલિત થતા નથી. આવી અડગતા અને નિર્ભયતા હવે સાધકને અવચેતનમાંથી અચેતનમાં પણ પ્રવેશવાનો અધિકારી બનાવે છે.

ઉપર જણાવેલાં આવા દિવ્ય-જ્ઞાન અને માર્ગદર્શનનાં સંરક્ષણ કવચ હેઠળ સાધક હવે અચેતનમાં ઊતરે છે. તેનું જીવંત વિજ્ઞાન તેને સતત માર્ગદર્શન પૂરું પાડતું હોય છે. જાણે પ્રભુ પ્રત્યક્ષ પાછળથી કે ઊર્ધ્વમાંથી સતત સૂચનો ન આપતા હોય એવું સાધકને લાગે છે.

અચેતનમાં ભીષણ સ્તબ્ધતા હોય છે, સૂનકાર હોય છે. નિસ્તબ્ધતાનું જાણે અખંડ અવિચળ સામ્રાજ્ય જામેલું હોય છે. શ્રી અરવિન્દ આને "inconscient stillnesses" કહે છે. આવા નિસ્તબ્ધ વાતાવરણમાં અચાનક ઉપરથી આનંદ અને પ્રકાશમય દિવ્ય-શક્તિની શ્રાવણ-ધારા ઊતરી પડે છે અને તે ધીમે ધીમે સાંબેલા ભાર ધારાઓ બની જાય છે. અચેતનની તૃષાર્થ ઉજ્જડ, અગોચર ભૂમિ આ શ્રાવણ હેલીથી તૃપ્ત થવા માંડે છે. અચેતનમાં પણ ચેતનાનો સળવળાટ જાગે છે. તેને પણ સુદરતાનાં સપનાં પડવા માંડે છે અને અચેતન પણ અત્યાનંદના આવેગો ઉપર આવેગો ધરતીકંપની ધ્રુજારી જેમ

અચેતનમાંથી પસાર થવા માંડે છે. તેમાં ચેતનાનો સંચાર થતો અનુભવાય છે.

અને આ પ્રવાહમાં નીચે અચેતનમાં ઉતરી પડેલો અશ્વપતિનો ચૈત્યપુરુષ અનુભવે છે કે ઊર્ધ્વમાંથી આ અચેતનની મરુભૂમિ ઉપર પરમ-કૃપાની અનંત વર્ષા વરસી રહી છે. ઉપર થતી ગૂઢ પ્રક્રિયાથી અજાણ અશ્વપતિ તો આ સાધકમાં થતી આંતરિક ઘટનાઓ જોઈને વિસ્મય-ચકિત થઈ ગયો છે.

પ્રભુની અનંત લીલા સામે તે નવજાત શિશુની જેમ કુતૂહલથી ફક્ત જોઈ રહ્યો છે, શ્રી અરવિન્દ લખે છે કે -

Splendours of insight filled the blank of thought,
Knowledge spoke to the inconscient stillresses,
Rivers poured down of bliss and luminous force
Visits of beauty, Strom of delight
Rained from the all powerful Mystery above.

અશ્વપતિના ચૈત્યપુરુષે અચેતનની ભીતર પ્રવેશ કર્યો છે - મરજીવાની જેમ.

---

(પૃ.૧૬ ઉપરથી)

## માનવવિકાસ ચક્ર

રસાત્મકતા પર નૈતિકતાની કરવત ફેરવવાની જરૂર નથી. આવી વ્યક્તિ નૈતિકતાને સૌંદર્યના સાધન તરીકે જુએ છે. તેને ધર્મની આનંદપ્રધાન બાજુ આકર્ષે છે. તેને ધર્મની સૌંદર્યપ્રધાનતામાંથી પ્રગટતા પ્રકાશનો ઝળહળાટ ગમે છે.

નીતિવાદી વ્યક્તિ સૌંદર્યપ્રેમી વ્યક્તિની રસવૃત્તિનો વિલાસિતાનો વિષય ગણીને તેને અનૈતિક ગણે છે, એ વાતથી શ્રી અરવિન્દ નારાજ છે. તેઓ જણાવે છે કે આવા નીતિવાદી માણસમાંથી શુદ્ધતાનો જડ ખ્યાલ ધરાવતો હઠાગ્રહી મનુષ્ય જન્મે છે. તે આનંદમાત્રનો વિરોધ કરતો થઈ જાય છે. શ્રી અરવિન્દ દૃષ્ટાંત આપતા જણાવે છે કે ૧૯મી સદીના ઈંગ્લૅન્ડમાં શુદ્ધિવાદી માનસ કામ કરતું હતું, પરંતુ તેમાં 'નૈતિક સંસ્કારિતા' ન હતી. તેઓ આગળ ચાલતાં સ્પષ્ટ કરે છે કે સંસ્કૃતિના વિકાસની અમુક કક્ષાએ મધ્યમવર્ગીય ભદ્ર સમાજની જે મનોદશા હોય છે તે પ્રકારનું આ માનસ હતું. શ્રી અરવિન્દનું એ સ્પષ્ટ માનવું છે કે સૌંદર્યવિહીન અને નૈતિકતાવિહીન સૌંદર્ય આપણને નૈતિકતા તથા સૌંદર્યનો સાચો પરિચય આપી શકે નહીં. ખરા અર્થના સંસ્કારી સમાજમાં નૈતિકતા અને સૌંદર્યનો સુભગ સમન્વય થયેલો હોવો જોઈ શકાય છે.

# યોગ વિષે પત્રો

- શ્રી અરવિંદ

## વિશ્વ-ચેતનાનું સ્વરૂપ - પ્રકરણ - ૧૬

### અવતરણો

(ભા-૧, પૃ ૩૫૨-૩૫૫)

**સમજૂતી** - માનસિંહ ચાવડા

૧ વ્યક્તિમાં રહેલી ચેતના પોતાની જાતને વિશાળ કરીને એક બહાર રહેલી વિશ્વરૂપ ચેતનામાં પરિણમે છે..... પ્રાચીન યોગોની ભાષામાં તેને તમારી પોતાની અંદર રહેલું બ્રહ્માંડ કહેવાતું.પૃ૩૫૨

૨ વિશ્વરૂપ ચેતના એટલે વિશ્વની ચેતના, વિશ્વરૂપ આત્મતત્ત્વની અને વૈશ્વિક પ્રકૃતિની ચેતના. પૃ.૩૫૨

૩ એક વૈશ્વિક મનોમય, વૈશ્વિક પ્રાણમય અને વૈશ્વિક ભૌતિક પ્રકૃતિ હોય છે. પૃ.૩૫૨

૪ વિશ્વરૂપ (Universal) અને વૈશ્વિક (Cosmic) શબ્દો વચ્ચે કોઈ તફાવત નથી.

૫ આધ્યાત્મિક ચેતના એવી ચેતના છે જેમાં આપણે આત્મા (ચૈત્યપુરુષ) જીવાત્મા અને પરમાત્માની સભાનતામાં પ્રવેશ કરીએ છીએ.પૃ.૩૫૩

૬ વૈશ્વિક - ચેતના એવી ચેતના છે જેમાં અહંકારની વ્યક્તિગત મનની અને શરીરની મર્યાદાઓ અદૃશ્ય થઈ જાય છે અને વ્યક્તિ વૈશ્વિક વિશાળતા વિશે સભાન બને છે.પૃ.૩૫૩

૭ વૈશ્વિક ચેતનામાં જે વસ્તુ વિશે સાવધાન બનવાનું છે તે એક વિસ્તૃત બનેલાં ‘અહં’ વિશે તથા વિરોધી બળોના વિશાળ હુમલાઓ વિશે છે.પૃ.૩૫૪

૮ સામાન્ય ચેતના એવી છે જેમાં માણસ મુખ્યત્વે બુદ્ધિથી બાહ્ય મનથી અને ઈન્દ્રિયો દ્વારા જ્ઞાન પ્રાપ્ત કરે છે.પૃ.૩૫૪

૯ સર્વ વસ્તુઓને પોતાના આત્મામાં જોવી અને પોતાના આત્માને સર્વ વસ્તુઓમાં જોવો - સર્વત્ર એક જ સ્વરૂપ વિશે સભાન બનવું, ભિન્ન ભિન્ન ભૂમિકાઓ, તેમનાં બળો અને તેમનાં સત્ત્વો વિશે સીધેસીધા સભાન બનવું એ વિશ્વરૂપતા છે.

વ્યક્તિ પોતાની જાતને વિશાળ કરીને વિશ્વ-ચેતનામાં પ્રવેશી શકે છે. તેનાં પરિણામો જે અભાનરીતે સ્વીકારતી હતી તે હવે સભાનરીતે સ્વીકારી શકે છે. પોતે વિશ્વ-ચેતના સાથે સંપર્કમાં રહીને તેની ગતિવિધિઓ જાણી શકે છે. પોતે વિશ્વ-ચેતના ઉપર અને તેની દ્વારા અન્ય વ્યક્તિઓની ચેતના ઉપર પણ કાર્ય કરી શકે છે. પોતાને વિશાળ કરવાથી વ્યક્તિ પોતાના અહંકારથી ઉપર ઊઠી શકે છે પણ સાથે સાથે તેણે નિર્લેપ રહેવાનો અભ્યાસ પણ કરવો પડે છે. વિશાળતા અને નિર્લેપતા આ બન્ને વિશ્વ-ચેતનાનાં ખાસ લક્ષણો છે.

વિશ્વ-ચેતનામાં વિશ્વાત્માની ચેતના અને વિશ્વપ્રકૃતિની ચેતના બન્નેનો સમાવેશ થાય છે. આ બન્ને પૂર્ણ સચેતન જ હોય છે - બાહ્ય સપાટી ઉપર તેઓ જડ અને અભાન જણાવા છતાં.

વ્યક્તિ-ચેતનામાં જે કાંઈ છે તે ખરેખર વિશ્વ-ચેતનામાંથી જ આવેલું છે અથવા વ્યક્તિ પોતે ખરેખર તો વિશ્વ-ચેતનાનો જ અંશ હોય છે. ફક્ત અવિદ્યા અને અજ્ઞાનને કારણે વ્યક્તિ-ચેતનાએ પોતાને અલગ કરવા અહંકારની એક દીવાલ નિર્માણ કરેલ છે.

પ્રભુના અનંતરૂપે પ્રગટ થવાના સંકલ્પરૂપે અનેકતા અને વિવિધતા નિર્માણ કરવા પ્રભુની પ્રેરણાથી જ, ઉત્ક્રાંતિના એક તબક્કાની જરૂરિયાત મુજબ જ અહંકાર નિર્માણ થયેલ છે. તે ઊર્ધ્વ ચેતનામાં આરોહણ કર્યા બાદ એક વિકૃતિ તરીકે જણાય છે, પણ તે ઉત્ક્રાંતિ માટેનું એક તબક્કાનું જરૂરી તત્ત્વ છે. તે તત્ત્વનું કાર્ય પૂરું થયાં પછી તેમાંથી મુક્ત થવું એ પણ ઉત્ક્રાંતિનો જ એક ભાગ છે અને તેથી અહંકારમાંથી ઉપર ઊઠવું એ એક સહજ પ્રક્રિયા છે.

વિશ્વ-પ્રકૃતિમાં વૈશ્વિક-મન, વૈશ્વિક પ્રાણ અને વૈશ્વિક પાર્થિવ તત્ત્વનો સમાવેશ થાય છે. જીવાત્માના સંકલ્પાનુસાર તેમાંથી પ્રેરણા લઈને ચૈત્યપુરુષ તે વિશ્વ-પ્રકૃતિમાંથી પોતાના સંકલ્પાનુસારનાં વિકાસ માટે જરૂરી બળો અને ગતિવિધિઓને પોતાની અંદર સ્વીકારે છે. આમાંથી જ વ્યક્તિગત પ્રકૃતિ રચાય છે. આ દ્વારા જ ચૈત્યપુરુષનો વિકાસ સાધી પરાપ્રકૃતિ તરફ ખુલ્લા થવાનું હોય છે.

વ્યક્તિગત આત્મા એ પણ વૈશ્વિક-આત્માનો જ અંશ છે અને પ્રભુના અનંતરૂપે પ્રગટ થવાના સંકલ્પને સાકાર કરવા તે પોતે પ્રભુનું એક વિશિષ્ઠ આવિર્ભાવ કેન્દ્ર તરીકે પ્રગટ થએલ હોય છે. આ વ્યક્તિગત આત્માના નિષ્ક્રિય પાસાને જીવાત્મા અને સક્રિય પાસાને ચૈત્યપુરુષ કહેવામાં આવે છે. તે જ વિકાસ પામીને અનેકતામાં એકતાનું દર્શન કરે છે આ એકતાનાં બે પરિણામો હોઈ શકે છે.

૧ એકતામાં પોતાને પૂરેપૂરો વિલીન કરીને નિર્વાણ અવસ્થા પ્રાપ્ત કરવી. આ ગૌતમબુદ્ધ અને અદ્વૈત સિદ્ધાંતનો મત છે.

૨ વિશેષ પ્રકારનું દ્વૈત લીલાખાતર રાખી વિશ્વલીલામાં પ્રભુના સંકલ્પાનુસાર સહભાગી થવા દિવ્યલોકમાં વસવું આ વિશિષ્ટાદ્વૈત અને શુદ્ધદ્વૈતનો વિચાર છે.

૩ પ્રભુ સાથે પણ એકરૂપ થયા પછી પ્રભુના કાર્યમાં સહભાગી થવા વ્યક્તિ-સ્વરૂપ ટકાવીને પ્રભુના એક દિવ્ય-યોદ્ધા તરીકે સૂક્ષ્મ જગતમાં રહીને કે સ્થૂળ જગતમાં જન્મ લઈને કાર્ય કરવું આ શ્રી અરવિન્દના પૂર્ણયોગનું ધ્યેય છે.

આ ત્રણે પ્રકારમાં એક સામ્યતા છે. દરેક સ્થિતિમાં આધ્યાત્મિક - ચેતનામાં રહેવું પડે છે. આધ્યાત્મિક - ચેતના એટલે ચૈત્યપુરુષ (આત્મા), જીવાત્મા અને પરમાત્મા વિષે સભાન બનવું અને તેમની ગતિવિધિઓને વિવિધ વૈશ્વિકબળોની લીલા તરીકે આ ભૌતિક જગતનાં મૂળમાં જોવી. આવી વ્યક્તિ વૈશ્વિક-ચેતના બાબત સભાન બને છે. તેમાં વ્યક્તિની અહંકારજન્ય કે શારીરિક મર્યાદાઓ ભૂંસાઈ જાય છે અને વ્યક્તિ પોતાને બ્રહ્માંડવ્યાપી અનુભવે છે. તે અધિમનસ અને ઇતર શક્તિઓ વિષે સભાન બને છે. તેમાં મન કે અહંકાર નાશ નથી પામતો પણ પોતાને તથા અન્યોને, બધાને પોતાની જાતના વિવિધ અંશો તરીકે અનુભવે છે. અહંકાર અનેક આવિર્ભાવ કેન્દ્રો પૈકીનું એક આવિર્ભાવ કેન્દ્ર માત્ર બની રહે છે. વિશાળ આત્મા સાથે એકરૂપ થઈ તે જીવન ધારણ કરે છે અને તે પછી વધારે ઊર્ધ્વમાંની વાસ્તવિકતાઓ સમજતો થાય છે. સારાંશ, જગત બાબતનું તેનું દર્શન સામાન્ય માનવ કરતાં તદ્દન અલગ અને કદાચ વિરોધી હોય છે. તે ઇન્દ્રિયો, મનની બુદ્ધિની મર્યાદાઓમાંથી વધારે મુક્ત થએલો હોય છે,પણ વૈશ્વિક-ચેતના પણ તદ્દન સુરક્ષિત નથી. વિરોધી બળો તેનાં જ ભાગરૂપ હોય છે. વૈશ્વિક અહંકાર પણ તેનો જ ભાગરૂપ છે. આ બન્ને તત્ત્વો અવરોધરૂપ બની શકે છે. તે માટે સદાજાગૃત ચૈત્યપુરુષનું નેતૃત્વ અને તેનું માર્ગદર્શન આ જ સચોટ ઉપાય છે.

માનવ આજે જે સામાન્ય ચેતનામાં જીવે છે, તેમાં તે ઇન્દ્રિયો, મન અને બુદ્ધિની મદદથી જ્ઞાન મેળવે છે. તેને વૈશ્વિક બળોનું સીધે સીધું જ્ઞાન હોતું નથી પણ તેના પરિણામોના આધારે થોડું ઘણું જાણે છે. આંતરપ્રેરણાઓ તેને કવચિત્ થાય છે પણ તે તેની ચેતનાની કાયમી ક્ષમતા નથી. તે પોતાને શરીર પૂરતી મર્યાદિત જ સમજે છે. જગત પોતાથી જુદું છે અને બહાર છે, એમ તેને લાગે છે. જ્યારે તે વૈશ્વિક - ચેતનામાં પ્રવેશે છે ત્યારે તેનું આ દર્શન બદલાય છે, જેમાં નીચેનાં તફાવતો મહત્ત્વનાં હોય છે :

૧ પોતાની ચેતનાને વિશાળ અને વિશ્વવ્યાપી અનુભવતો હોવાથી તે શરીર પૂરતી મર્યાદિત છે એ ભ્રમણા તૂટે છે.

૨ જગત પોતાની વિશાળ ચેતનાની અંદર જ છે, બહાર નથી એની ખાતરી થાય છે.

૩ વસ્તુઓ ને તેનાં કાર્યો સાથે સીધેસીધા સંપર્કમાં આવે છે, તેથી તે વસ્તુની અંદર રહેલ શક્તિ બાબત જાણતો થાય છે પણ આ સંપર્ક હજી પૂરેપૂરો હોતો નથી.

૪ પોતાની ચેતના બધામાં વ્યપ્ત છે, પ્રવેશીને રહેલી છે એવો પણ અનુભવ આવે છે.

૫ સૂક્ષ્મ જગતો અને સત્ત્વોના સંપર્કમાં આવવા લાગે છે.

૬ આ વૈશ્વિક ચેતનામાં વ્યક્તિ ચેતનામાં રહેલા બધાં જ ચેતનાનાં સ્તરો હોય છે તેમાં શારીરિક-સ્તર પણ આવી જ જાય છે.

૭ વ્યક્તિ જીવનમાં વૈશ્વિક - તત્ત્વોનાં કાર્યોને જે અંગતરૂપ આપવાની ટેવ વ્યક્તિને પડી હોય છે તે વૈશ્વિક ચેતના પ્રાપ્ત થતાં બિન અંગત વસ્તુ લાગવા માંડે છે.

૮ નિમ્ન પ્રકૃતિમાંથી મુક્તિ મેળવવા આવી બિન અંગતતા જરૂરી હોય છે.


## નવું પ્રકાશન

સુજાતા નાહરની હાજરીમાં શ્રી માતાજીએ સત્પ્રેમને ગુહ્યવિદ્યાની જે અપ્રાપ્ય સમજણ આપેલી તેના આધારે લેખિકાએ અંગ્રેજીમાં વાર્તાકથન જેવી રોચક શૈલીમાં Mirra : the occutlist પુસ્તક લખેલ છે તેનું ગુજરાતી ભાષાંતર પ્રગટ થઈ ચૂક્યું છે.

# મિર્રા : ગુહ્યવિદ્યાજ્ઞાની

**(શ્રી માતાજીના પ્રસંગો-૩)**

**અનુવાદક - શ્રી પી.એમ. વૈષ્ણવ**

**પૃ. - ૨૦૮** **કિં. : ૧૪૦/-**

**પ્રાપ્તિ સ્થાન**

**મીરા અદિતિ સેન્ટર**
૨૭, જયાલક્ષ્મી દેવી કૉલેજ રોડ,
આઈ બ્લોક, રામકૃષ્ણનગર,
મ્હૈસુર - ૫૭૦ ૦૨૫

**શ્રી અરવિન્દ નિવાસ**
દાંડીયા બજાર,
વડોદરા - ૩૯૦ ૦૦૧
ફોન : ૦૨૬૫ - ૨૪૧૮૯૭૮

# ભારતીય સંસ્કૃતિના પાયા

- શ્રી અરવિંદ

અવતરણો (પૃ.૩૮૨-૩૯૩)

## ભારતીય રાજ્યતંત્રનું આંતરિક બંધારણ

પ્રકરણ - ૧૯

૧ રાજનૈતિક ઈમારતનો સૌથી ઉપરનો ભાગ ત્રણ સંસ્થાઓએ રોક્યો હતો. (૧) રાજા અને પ્રધાનમંડળ (૨) રાજધાનીની સમિતિ (૩) રાજ્યની સામાન્ય સભા. પૃ.૩૮૨

૨ મહાન ચક્રવર્તી અશોક જેવો શક્તિશાળી..... સમ્રાટ પણ પોતાની સભાની સાથેની અથડામણમાં આખરે હારી ગયો હતો.પૃ.૩૮૨

૩ રાજ્યસભા કોઈ ઉદ્ધત કે બિનઆવડતવાળા રાજાને ભ્રષ્ટ કરવા ઘણી વાર પગલાં લેતી.પૃ.૩૮૩

૪ રાજ્યમાં બીજી બે શક્તિશાળી સંસ્થાઓ હતી..... એક પૌરસમિતિ અને બીજી સાધારણ સભા..... જેમાં ક્ષત્રિયો અને વૈશ્યો ઉપરાંત શૂદ્રોનો સમાવેશ થતો. પૃ.૩૮૩

૫ (રાજ્યનાં) વારસાહક્કની બાબતોમાં પૌરસભા અને સામાન્યસભાની સંયુક્ત બેઠકની સલાહ લેવાતી.પૃ.૩૮૫

૬ મધ્ય એશિયામાંથી જે આક્રમણ થયું તે પોતાની સાથે એક - વ્યક્તિગત અને નિરંકુશ શાસનની પરંપરા લઈને આવ્યું.પૃ.૩૮૬

૭ ક્ષત્રિયોએ.... તેની સામાજિક અને ધાર્મિક શાસ્ત્રપરંપરા (કુળધર્મ) જાળવી રાખી હતી. પૃ.૩૮૭

૮ ભારતીય સામાજિક પ્રણાલિકાનું એક પ્રબલતર કાયમી તત્ત્વ..... તે હતી જ્ઞાતિપ્રથા (જાતિ). પ્રત્યેક જ્ઞાતિનો જ્ઞાતિધર્મ હતો..... સામુદાયિક સભા (જાતિસંઘ) હતો. પૃ.૩૮૭-૩૮૮

૯ કસબાઓ..... સ્વયંશાસિત અને સ્વતંત્ર હતા.પૃ૩૮૯

૧૧ બૌદ્ધ વિહાર..... ધાર્મિક સામુદાય..... નો પ્રથમ વિકાસ છે.પૃ.૩૯૦

૧૨ ભારતના રાજનૈતિક ઈતિહાસમાં ચર્ચ અને રાજ્યનો સંઘર્ષ જોવા મળતો નથી.પૃ.૩૯૧

૧૩ ભારત તે વખતે એક દેશના કરતાં મહાદ્વીપ હતો.પૃ.૩૯૧

## **સમજૂતી** - માનસિંહ ચાવડા

ભારતીય રાજ્ય-વ્યવસ્થાની ઈમારતનું નિરીક્ષણ કરીએ તો તેનું દૃશ્ય નીચે મુજબનું ખડું થાય છે :

આ ઈમારતની સંરચનાના ઉપરના ભાગમાં ત્રણ વિભાગો આવે છે : (૧) રાજા અને તેનું પ્રધાનમંડળ (૨) રાજ્યસભા (૩) જનસભા

રાજસભામાં રાજધાનીનાં દરેક વર્ણના લોકો રહેતા. દરેકની સંખ્યા નિશ્ચિત રહેતી, પણ વૈશ્યની સંખ્યા વધારે રહેતી જેમને વિશઃ કહેતા. તેમાં વેંપારીઓ, ધંધાધારીઓ, કારીગરો, કડિયા, સુથાર, ખેડૂતો વગેરેનો સમાવેશ થતો. સારાંશ, બ્રાહ્મણ, ક્ષત્રિય અને નોકરિયાત વર્ગ (શૂદ્ર) છોડીને સમાજનો મોટોભાગ વૈશ્ય અથવા વિશઃ કહેવાતા.

આ બધાની બનેલી રાજ્યસભા જ વહીવટી નીતિ તૈયાર કરતી. તેઓ જ નાણાવિષયક, નીતિવિષયક, સમાજવિષયક નીતિ નિયમો જનસભાની ઈચ્છાનુસાર ઘડતા. આ રાજ્યસભા એટલી વિશાળ સત્તા ધરાવતી હતી કે અશોક જેવી પ્રભાવી રાજાને પણ તેમની સામે હાર કબૂલવી પડેલી. બિનઆવડતવાળા રાજાને પદભ્રષ્ટ કરીને નવો રાજા નીમવાની તેમની સત્તા હતી. દા.ત. મોર્યોની રાજ્ય વ્યવસ્થાને છીનવી શૃંગવંશને આપવાની અને તે પછી શૃંગવંશ પાસેથી છીનવી કણ્વવંશને આપવાની ઘટનાઓ ધ્યાન ખેંચે એવી છે. રાજા તો ફક્ત અમલ કરનાર ઉપરી ગણાતો. તે પોતાના કર્તવ્યને નિભાવવા મંત્રીમંડળ નીમી શકતો હતો. આ બધા રાજ્યસભાને જવાબદાર રહેતા.

જેને ઉપર જનસભા કહી છે તેનાં પૌરસમિતિ અને સાધારણ સભા એવા ભાગ હતાં. દરેક ગામના ઉપરીઓની મળી પૌરસભા બનતી. તે મેયરોની સભા જેવી હતી. ગામેગામના અન્ય પ્રતિનિધિઓ, અધિકારીઓની મળીને સામાન્ય જનસભા બનતી. તેમાં પણ ચારે વર્ણનાં લોકો રહેતા. તેઓની સત્તા રાજ્યસભા કરતાં પણ વધારે સવિશેષ હતી. તેમનું કાર્યક્ષેત્ર નીચે મુજબનું હતું :

(૧) વાણિજ્ય, ઉદ્યોગ, ખેતી વગેરે બાબતનાં ધારાધોરણો ઘડવાં

(૨) સામજિક અને રાજનૈતિક જીવન વગેરેનાં ક્ષેમકુશળતા અને કલ્યાણ માટેનાં નીતિનિયમો ઘડવા

(૩) પૌર (મોટા શહેરો) અને ગ્રામ (નાનાં ગામડાં)ના સંરક્ષણ માટેની ઉપાય યોજનાઓ સૂચવવી.

(૪) રાજાનાં કાર્યો વિશે પ્રજાની સંમતિ મેળવી આપવી.

(૫) પોતાની સૂચનાઓની થએલી અમલબજાવણી વિશે લોકોને જાણ કરવી.

(૬) અપવાદાત્મક કિસ્સામાં ન્યાયાલય તરીકે ફરજ બજાવવી.

(૭) રાજાને પદભ્રષ્ટ કરવો, અન્યને રાજા તરીકે નીમવો.

(૮) દિવંગત રાજાના વારસદારને માન્ય રાખવો.

(૯) યુદ્ધ, યજ્ઞ, ધર્મ, સિંચાઈ બાબતની રાજ્યસભાની દરખાસ્તો બાબત વિચારવિનિમય કરી સંમતિ આપવી. દા.ત. અશોકે બૌદ્ધ ધર્મ સ્વીકાર્યા પછી તેને રાજ્યાશ્રય આપવાનો ઠરાવ આવી સભામાં મંજૂર થઈને પછી જ અમલી બનેલો.

આ રાજ્યવ્યવસ્થાની અવનતિ શેને કારણે થઈ એ નિશ્ચિત નથી, પણ રાજાઓનો નિરંકુશ અને આપખુદી થવાનો પ્રયત્ન અથવા મુસલમાનોનાં આક્રમણો આ બે પૈકી કોઈક મુખ્ય કારણ રહ્યું હોવું જોઈએ. પણ પ્રથમ રાજ્યસભાની કાર્યપદ્ધતિનો નાશ થયો એ નિશ્ચિત છે. જનસભા પણ મળતી બંધ થઈ ગઈ, પણ તેના નીચે જે પૌર અને ગ્રામની રાજ્યવ્યવસ્થા તો આધુનિક કાળ સુધી ચાલતી રહેતી. અર્થાત્ તેમાં વિકૃતિઓ પ્રવેશી ગએલી હતી. પંચાયતો એ તે પૌર અને ગ્રામ-સભાના જ અવશેષો છે.

મધ્ય એશિયામાંથી જે શક, હુણો અને તે બાદ મુસલમાનોના હુમલા થયા તે બધા નિરંકુશ રાજસત્તાના હિમાયતીઓ હોવાથી તેમના પ્રભાવ નીચે આ સંસ્થાઓ નબળી પડવા લાગી હતી. ઉત્તર ભારતમાં આ પ્રભાવ સવિશેષ દેખાય છે, પણ દક્ષિણ-ભારતમાં ભારતીય રાજ્ય પ્રણાલી ટકી રહી એટલું જ નહિ પણ વિજયનગરનું સામ્રાજ્ય અને તે બાદ શિવાજીના મરાઠા સામ્રાજ્ય સ્વરૂપે તેણે પુનર્જીવિત થવાનો પ્રયત્ન કરેલો છે.

ભારતીય કુળ-પરંપરા પણ રાજપૂતાનામાં કુલધર્મ તરીકે ટકી રહેલી હતી. એક જ કુળનાં વિવિધ ગામોમાં ફેલાએલો કુટુંબીઓનો કુળ-સંઘ પણ થોડા ઘણા અંશે ટકી રહેલો.

વર્ણવ્યવસ્થા તો હજી પણ ભગ્નાવશેષ સ્વરૂપે ટકી રહી છે. આજે તે જ્ઞાતિ અથવા જાતિ તરીકે ઓળખાય છે. આજે પણ દરેકની કુળદેવી હોય છે, પ્રવર હોય છે અને ૠષિ પણ હોય છે. પ્રવર એટલે તે કુળનો વિખ્યાત પુરુષ. દા.ત. રઘુ એ રઘુવંશના પ્રવર કહેવાય છે. ૠષિ એટલે તે વંશના કુલગુરુ અથવા રાજપુરોહિત, જેમના આશ્રમમાં આપણા પૂર્વજો ભણતા હતા. પણ ધીમેધીમે જ્ઞાતિ વિસ્તાર સાથે પ્રાદેશિક પેટાવિભાગો પડતાં ગયાં છે. આજે તો અસંખ્ય જ્ઞાતિઓ છે, જેમને તેઓ 'શાખ' કહે છે. 'શાખ' એટલે શાખા અર્થાત્ મૂળ કુળની એક ડાળી અથવા ફાટો. આ જ્ઞાતિનાં પંચોનું શાસન તે જ્ઞાતિ ઉપર ચાલતું જેમને 'મહાજન' કહેવાય છે. આવી જ્ઞાતિઓનું પોતાનું અલગ સંચાલન અને અસ્તિત્વ હતું. તેઓ કાંઈ રાજ્યના કોઈ કૃત્રિમ પેટા-વિભાગો નહોતા, કારણ તેઓનો મૂળ આધાર નિશ્ચિત કુળ કે વંશ હતો જે લોહીના સંબંધથી બંધાએલો હતો.

પૌર (metropolitian bodies) અને વર્ણવ્યવસ્થા અને ઉદ્યોગ-ધંધા ઉપર આધારિત નિગમ (guild) પોતાના ચલણી સિક્કાઓ પાડી શકતાં હતાં.

સામાજિક રચનાઓમાંનું એક મહત્ત્વનું અંગ એટલે સંયુક્ત કુટુંબ વ્યવસ્થા. આ એક સગોત્ર અર્થાત્ એક જ ગોત્રની કુટુંબ સંસ્થા હતી. કુટુંબનો વડીલ તે કુટુંબના મિલ્કતનો કર્તાહર્તા રહેતો પણ તે માલિક નહોતો, ફક્ત વહીવટકર્તા હતો. મિલ્કત ઉપર બધાંનો જ સમાન હક્ક રહેતો, બધાં એક જ છાપરા નીચે સામૂહિક જીવન જીવતા. તેઓમાં કૌટુંબિક કાર્યોની વહેંચણી થતી. તકરાર ફસાદમાં જ મિલ્કતની વહેંચણી થતી.

સામાજિક સંસ્થામાં ધાર્મિક સંઘટન સ્વરૂપ સંપ્રદાયો હતાં. તેમની આધ્યાત્મિક, ધાર્મિક નિષ્ઠા સમાન રહેતી. ગુરુ-પરંપરા પણ સમાન રહેતી. બૌદ્ધ વિહારો એ તેમની પૂર્ણ વિકસિત અવસ્થા ગણાય છે. ધર્મ-સંઘ એ તેનું એક સંઘટિત સ્વરૂપ છે. તેમની સંચાલન પદ્ધતિ આબેહુબ રાજ્ય-વ્યવસ્થા જેવી જ હતી. ધર્મસભા ચર્ચાસ્પદ પ્રશ્નોની ચર્ચા કરતી. મતદાનથી અંતે ઠરાવ લેવાતો. તે તામ્રપટ ઉપર ખોતરીને રખાતો. આવી લોકશાહી પદ્ધતિને કારણે જ ધર્મ અને રાજ્ય વચ્ચે કોઈ વખત સંઘર્ષ ખેલાયો નથી, જે યુરોપમાં ખૂબ ઉગ્રતાથી ખેલાયો હતો.

ભારત ખૂબ જ મોટો દ્વીપ છે. દ્વીપ એટલે જેની બે બાજુ પાણી (દ્વી+પ) હોય અને એક તરફ ભૂપ્રદેશથી જોડાએલો હોય તેવો પ્રદેશ. પણ અહીં એક જ સંસ્કૃતિ હોવા છતાં અસંખ્ય રાજ્યો રહ્યાં છે. ભારત સાંસ્કૃતિક રીતે દેશ હોવા છતાં રાજ્ય તરીકે દેશ ફક્ત વૈદિક - કાળમાં જ રહ્યો હતો. તેથી ભારતને મહાદ્વીપ કહેવાની પ્રથા પડી હતી. સાંસ્કૃતિક અને આધ્યાત્મિક દૃષ્ટિએ માત્ર ભારતે રાષ્ટ્ર તરીકે (ભારતવર્ષ) ખ્યાતિ પુરાતન કાળથી મેળવેલી હતી, કારણ ભારતમાં આધ્યાત્મિક સાધના પદ્ધતિમાં દેવયાન માર્ગ સર્વ સ્વીકૃત માર્ગ બની ગયો હતો. પ્રકાશની આરાધના એ જ આ પંથની વિશેષતા રહી છે. ભારતીઓએ તેને સદા અપનાવી તેથી તેઓ ભા+રત કહેવાયાં. ભા એટલે પ્રભા, રત એટલે મગ્ન. મનુસ્મૃતિ કાળમાં ભારતે આ દરજ્જો પ્રાપ્ત કરી લીધેલો હોવાના ઉલ્લેખો છે. ભરત-વંશ ઉપરથી ભારત નામ પડ્યું એવા પણ ઉલ્લેખો છે. કૌરવો-પાંડવો ભરતવંશી હતાં, તેથી તેમના યુદ્ધને મહાભારત - યુદ્ધ કહે છે.

અંગ્રેજ કાળમાં ભારતીય રાજ્ય-પ્રણાલી નામશેષ થવા લાગી અને ભારતના સ્વાતંત્ર્ય બાદ અંગ્રેજ-પ્રણાલી જ શરૂ રહી. ભારતીય જન-માનસમાં હજી ભારતીય સંસ્કૃતિ જીવંત છે ત્યારે તેને અનુરૂપ ફરી રાજ્યવ્યવસ્થા રચવી ભારતીઓને યોગ્ય લાગશે. ગાંધીજીના 'રામરાજ્ય'ની કલ્પના આ સંકેત આપે છે - પછી ભલે બાહ્ય રાજ્ય વ્યવસ્થાનો ઢાંચો આધુનિક રહે.

# ઉપનિષદોનું અમૃત

- માનસિંહ ચાવડા

## અંતર્યામીનું સ્વરૂપ

પ્રકરણ-૨૨ (બૃહદારણ્યક -૩-૪, ૭)

જનકની ધર્મસભામાં અશ્વલ યાજ્ઞવલ્કયને પરાજીત ન કરી શક્યાં, તેથી સભા શાંત થઈ ગઈ હતી. હવે ચક્ર ઋષિનાં પુત્ર ચાક્રાયણ જેમનું નામ ઉષસ્ત છે તે સભામાં ઊભા થયાં. તેમણે પ્રશ્ન પૂછ્યો, ''પ્રત્યક્ષ અનુભવમાં આવે અને બધાનો અંતરાત્મા એવા આત્માનું સ્વરૂપ જણાવો.''

''યાજ્ઞવલ્કય બોલ્યાં, હે ચાક્રાયણ, જે આપણા શરીરમાંનાં પાંચે પ્રાણને અર્થાત્ પ્રાણ (ધનવિદ્યુત), અપાન (ઋણવિદ્યુત), વ્યાન (ઉભય વિદ્યુત = ન્યુટ્રલ), ઉદાન (ચેતનાને ઊર્ધ્વગામી કરનારી વિદ્યુત) અને સમાન (આ બધાંને નિર્માણ કરનારી વિદ્યુત); આ પાંચે વિદ્યુતપ્રવાહોને ગતિ આપે છે તે જ પ્રત્યક્ષ અનુભવસિદ્ધ આત્મા છે. અને તે જ બધાંનો અંતર્યામી છે અર્થાત્ ત્રણે શરીરમાં રહીને સંચાલન કરે છે.''

''મહર્ષિ, તમારો ઉત્તર સમાધાનકારક નથી. તમે આત્માથી થતા કાર્યને વર્ણવ્યું છે, પ્રત્યક્ષ આત્માનાં લક્ષણોને નહિ.''ત્યાજ્ઞવલ્કય બોલ્યાં,'' આત્મતત્ત્વ અનુભવવાની વસ્તુ છે. તેનું વર્ણન કરવું શક્ય નથી. તે વાણી અને શબ્દો દ્વારા પૂર્ણ રીતે વ્યક્ત કરી જ શકાતો નથી. કારણ વાણી અને શબ્દો આમતત્ત્વનાં કોઈ પાસાને જોઈ શકતી નથી. જે મન, બુદ્ધિ, ચિત્ત ! અહંકાર બધા દ્વારા અનુભવ લે છે તેને તે તત્ત્વો સમજી શકતાં નથી. તે સ્વાનુભવથી જ અનુભવાય છે. તમે અયોગ્ય માગણી કરો છો, જે કોઈ જ પૂરી નહિ કરી શકે.''

ઉષસ્ત ઋષિ મૌન થઈ બેસી ગયાં. થોડીવારથી આરુણિ ઉદ્દાલક ઊભા થયાં :

''મહર્ષિ, હું મદ્રદેશમાં યોગસૂત્રો લખનાર કપિ ઋષિનાં પુત્ર પતંજલ કાપ્યને ઘેરે યોગસૂત્રનો અભ્યાસ કરતો હતો, તે વખતની એક ઘટના કહું છું. એક દિવસ તે પતંજલ મુનિનાં પત્નીના શરીરમાં અથર્વ ઋષિનાં પુત્ર આથવર્ણના આત્માએ પ્રવેશ કર્યો અને પતંજલ સહિત ત્યાં હાજર બધા જ ઋષિઓને પૂછ્યું : '' શું તમે આ બધાં ભૂતમાત્ર, આ પૃથ્વીલોક અને પરલોક બધાને સંચાલિત

કરનાર તે આત્માને જાણો છો ? જેને સૂત્રાત્મા કહે છે ? સૂત્રાત્મા એટલે બધામાં રહેલો આત્મા. જેમ માળાનો દોરો (સૂત્ર) બધા જ મણકામાં હોય છે તેમ આ આત્મા બધાંમાં હોવાથી તેને સૂત્રાત્મા કહેવાય છે. તે પરલોકગત આત્માએ અમને આત્મતત્ત્વ શું છે તે સમજાવ્યું અને કહ્યું આ જાણનારો જ બ્રહ્મવેત્તા છે, લોકવેત્તા છે અને ભૂતવેત્તા છે. મને આત્મતત્ત્વનું જ્ઞાન આ રીતે મળ્યું છે. શું તમે તે આત્મતત્ત્વને જાણો છો ?''

''હે ગૌતમ રૂદ્દાલક, હું તે જાણું છું.'

''એમ કહેવાથી આપ જાણો છો તે સિદ્ધ નથી થતું. આપ સ્પષ્ટ રીતે પ્રતિપાદન કરો.''

''હે ગૌતમ, આત્મતત્ત્વમાંથી નીકળતી આંદોલન સ્વરૂપ પ્રેરણાઓને જ 'વાયુ' કહેવાય છે. તેની દ્વારા જ આત્મતત્ત્વ બધાને સંચાલિત કરે છે. તે વાયુ ખૂબ જ ગતિથી સંક્રમિત થતો હોવાથી તેને જ 'પ્રાણ' કહે છે (પ્રકર્ષણનીયતે ઈતિ પ્રાણ:) તેથી પ્રત્યક્ષ રીતે પ્રાણ જ બધાંનું સંચાલન કરતો દેખાય છે, જ્યારે તે સંચાલન નથી કરતો ત્યારે તે પ્રાણીને મૃત જાહેર કરવામાં આવે છે.

''યાજ્ઞવલ્કય, આપનો સૂત્રાત્મા તરીકેનો જવાબ સાવ સાચો છે. તેથી જ પતંજલ મુનિ પ્રાણાયામ ઉપર ભાર મૂકે છે પણ આપે હજી અંતર્યામીની વ્યાખ્યા કરી નથી.''

''ગૌતમ, આત્મતત્ત્વ જ પૃથ્વી, જળ, અગ્નિ, કલ્પનાલોક (અંતરીક્ષ), વાયુ, દ્યુલોક (પ્રકાશમય મન) આદિત્ય (પ્રકાશમય - અસીમ ચેતના) સર્વે ઈન્દ્રિયો અને સર્વે ભૂતમાત્ર બધાં જ આત્મતત્વનાં જ શરીરો છે. તેઓ આત્મત્ત્વને જાણતા નથી. પણ આત્મતત્ત્વ તેમની જાણ વગર આ બધાને પોતાના અભિવ્યક્તિનાં સાધનો તરીકે વાપરે છે. તે જ તે બધાની અંદર રહી તેમનું સંચાલન કરતો હોય છે અને તેમની બધી ગતિવિધિઓનો દૃષ્ટા છે, જાણકાર છે તેથી તેને સર્વાન્તર્યામી કહે છે. અંતર્યામી એટલે અંદર રહીને જાણનાર અને સંચાલન કરનાર.''

''મહર્ષિ, આપના જવાબથી મને ખરેખર સંતોષ થયો છે, તેથી આપને હું બ્રહ્મજ્ઞાની તરીકે માન્ય રાખું છું.''

# સુંદર કથાઓ

- માતાજી

સમજૂતી - માનસિંહ ચાવડા

## ભ્રમ

(પેજ - ૯૬-૯૭)

**એક સાધુ ભારતની યાત્રાએ નીકળ્યો.**

**ગામેગામ ફરતાં ફરતાં એક વખત તે એક ખેતર પાસેથી પસાર થતો હતો. ખેતરના શેઢે એક ઘેટું ઊભું હતું - અલમસ્ત. તેને નિર્ભય સાધુને જોઈ ગુસ્સો આવ્યો. તેણે હુમલો કરવાનો નિર્ણય લીધો. પ્રથમ તે માથું નમાવી બે ત્રણ ડગલાં પાછળ ખસ્યો, જેથી જોરદાર રીતે સાધુને ઉલાળે.**

**સાધુએ આ જોયું. તેને લાગ્યું મને સાધુ જાણી તે નમ્રતાથી નમી રહ્યું છે. તેથી તે તેની પાસે જવા લાગ્યો ત્યાં જોરદાર ધસારો અને સાધુને ઘેટાએ ઉલાળ્યો. સાધુનો ભ્રમ ભાંગ્યો.**

**લોકોનાં બાહ્ય વર્તનો ઘણી વખત આવાં જ છેતરામણાં હોય છે.**

**શું આપણે આવી રીતે પોતાને જ છેતરવા જોઈએ ? ભ્રમમાં જ જીવવું જોઈએ ?**

# યોગમાર્ગોનો સમન્વય

- શ્રી અરવિન્દ

## પ્રકરણ - ૫ (ચાલુ)

## યોગની પ્રણાલીઓ

**સમજૂતી** - માનસિંહ ચાવડા

જ્યાં સુધી સાયુજ્ય ન સિદ્ધ થાય ત્યાં સુધી સ્વપ્રયત્નની જરૂર છે જ. તે પછી પ્રભુની શક્તિ આપણી અંદર અને આપણી દ્વારા કાર્ય કરી રહી છે, તેવી પ્રતીતિ થાય છે. તે પછી સાધકનું પ્રભુને સર્વાંગી સમર્પણ અને અંતે સાધકની સંકલ્પશક્તિનું અને સામર્થ્યનું પરાત્પર શક્તિઓમાં વિલિનીકરણ અને તે દ્વારા પ્રકૃતિનું રૂપાંતર.

પૂર્ણયોગના આવા તબક્કા છે. ઉપર જે સાધકનો સ્વપ્રયત્ન જણાવ્યો છે તે ખરેખર આપણો ભ્રમ જ હોય છે. કારણ આપણે અહંપ્રધાન ચેતનામાં જીવતા હોઈએ છીએ. ખરેખર તો પ્રભુશક્તિ જ કાર્ય કરતી હોય છે અને તે પણ અખંડ રીતે જ્ઞાનોદય થયા બાદ જ આપણા સ્વપ્રયત્નનો ભ્રમ ભાંગે છે. જ્ઞાનોદયમાં આપણે પ્રભુના અંશ તરીકેનો સાક્ષાત્કાર કરીએ છીએ અને તેથી પ્રભુને પોતામાં કામ કરતી અનુભવીએ છીએ. ત્યારે સર્વ દેવતા, સર્વ અવતારો, સર્વ સત્યો એકરૂપ થઈ જાય છે. જીવનનો આ અનુભવ કરવો એ જ મૂળ ઉદ્દેશ છે.

પણ આ અવસ્થા સહેલાઈથી આવતી નથી. આપણે સંકલ્પબળે માનસિક શક્તિઓને, હૃદયની ઊર્મિઓને આવેગોને, પ્રાણની ઈચ્છા અને વાસનાઓને અને ખુદ શરીરને પણ પરાણે સાચી નિષ્ઠામાં ધકેલવાનાં હોય છે. તેમને સત્યને સ્વીકારતાં અને તેને પ્રત્યુત્તર આપતાં શીખવવા પડે છે. ત્યારે જ નિમ્ન પ્રકૃતિ ઊર્ધ્વ ચેતાના શરણે જઈ પોતાનું રૂપાંતર કરે છે અને ત્યારે જ ઉપરની એકરૂપતાઓ સધાય છે.

નિમ્ન તત્ત્વોમાંના અહંકારને સર્વપ્રથમ સત્ય અને પ્રકાશ તરફ વાળવો પડે છે. તેમને સ્વીકાર કરતા શીખવવું પડે છે. તેમને અનુસરતા કરવા પડે છે. તેને ઊર્ધ્વશક્તિના આવિર્ભાવ કેન્દ્ર તરીકે વિકસાવવો પડે છે.

પૂર્ણયોગનું પરમ શાસ્ત્ર એટલે ચૈત્યપુરુષની પોતાની સમજણ, જે આંતર-વેદ સમાન છે, તે ચૈત્યપુરુષ જ આંતરગુરુ છે. તે જ આપણી પ્રકૃતિમાં મુક્તિ, આનંદ, પ્રેમ, શક્તિ અને અમરતાને પ્રગટ કરે છે અને વ્યક્તિને પરાત્પર સાથે એકરૂપ કરી દે છે.

આ આંતરગુરુ જ આપણા બધા જ નાના મોટા ઘટકોનું રૂપાંતર કરે છે. તે પ્રથમ આપણને બિન અંગત પ્રજ્ઞા તરીકે અનુભવાય છે અથવા કોઈ આદર્શ તરીકે અનુભવાય

છે અથવા દિવ્ય-પુરુષ તરીકે અનુભવાય છે. આ જુદા જુદા પ્રકારોનો આધાર સાધકનાં ભૂતકાળનાં વિકાસ અનુસાર ઘટિત થાય છે.

આપણા અહંની પાછળ રહીને તે પ્રથમ સક્રિય થાય છે. અહંના વિલય બાદ તે આંતરપ્રેરણાનું કેન્દ્ર તરીકે અનુભવાય છે અને તે જ બાહ્ય પરિસ્થિતિ ગોઠવી આપણને યોગ તરફ ધકેલે છે.

શરૂઆતમાં ખૂબ જ પરીક્ષા બાદ પ્રભુની મદદ મળતી લાગે છે, પણ પછી તે તત્કાળ ઉપાય છે એવો અનુભવ આવવા લાગે છે. આપણા વિચારોને, ભાવનાઓને, પ્રેરણાઓને, કર્મો ને ઘાટ આપતા લાગે છે. તે પછી તે એક વિશાળ, નિરાકાર સત્તા તરીકે અનુભવાય છે. તે જ આપણું સ્વરૂપ છે તે આપણે અનુભવીએ છીએ. આપણા યોગનો તે અધિષ્ઠાતા હોય છે તેને જ ઈશ્વર, ચૈત્યપુરુષ, અંતર્યામી, બ્રહ્મ, જગદંબા, અજ્ઞેય, પરમ-સત્ય, પરમ-શક્તિ એવાં વિવિધ નામે બોલાવાય છે પણ છે તે એક જ અસીમ તત્ત્વ તેને જાણવો, અનુભવવો, તેના રૂપ થઈ જવું એ જ પરમ પુરુષાર્થ છે. તેને એકતામાં કે વિવિધતામાં, સક્રિયતામાં કે નિષ્ક્રિયતામાં માણવો એ જ પરમ-સુખ છે. આ જ પૂર્ણયોગનું ધ્યેય છે.

આ ધ્યેયને પ્રાપ્ત કરવાનો ખાતરીભર્યો માર્ગ છે ચૈત્યપુરુષ સાથેનો સંપર્ક, કારણ તે સદા તે પરમાત્માને જ સમર્પિત હોય છે અને તેનો જ અંશ પણ હોય છે. તેની પ્રત્યે ખુલ્લા થવું એ જ મહત્ત્વનું છે. આપણા અહંની ટેવો આમાં અવરોધ રચે છે. પ્રભુના કાર્યને અહં જલદી પસંદ કરતો નથી, કારણ તે તેના અસ્તિત્વને નકારવા જેવું હોય છે. પ્રભુ ચમત્કાર કરતાં નથી. તે પ્રથમ આપણી પ્રકૃતિ દ્વારા કાર્ય કરે છે. પાછળથી તે પ્રકૃતિનું રૂપાંતર કર્યા બાદ પ્રકૃતિનો અંચળો કાઢી નાંખે છે અને સીધે સીધું કાર્ય કરે છે. તે જ બહારથી કોઈ સદ્ગુરુ તરીકે એવા ગુરુ, ઈષ્ટદેવ કે અવતાર તરીકે આવી પોતાનું કાર્ય પાડે છે. પૂર્ણયોગનો શિષ્ય પોતાને અનુરૂપ સ્વરૂપ સ્વીકારી તેના પ્રત્યે ખુલ્લો થાય છે અને યોગ-સાધનામાં આગળ વધે છે.

પૂર્ણયોગના ગુરુની પદ્ધતિ અંદરના સદ્ગુરુ જેવી જ છે. તે શિષ્યની પ્રકૃતિ ધ્યાનમાં લઈને જ ઉપદેશ આપે છે. તે ઉપદેશ દ્વારા, પોતે દૃષ્ટાંત સ્વરૂપ બનીને કે પોતાના સ્વરૂપનાં પ્રભાવ દ્વારા આમ ત્રિવિધ માધ્યમો દ્વારા કામ કરે છે.

આ બધી સહાય અંદરના પ્રભુ પ્રત્યે જાગૃત કરવા માટે જ હોય છે, પણ કોઈ પણ સાધનને સાધ્ય તો ગણવું ન જ જોઈએ. ઉપયોગી છે ત્યાં સુધી વાપરો, નિરુપયોગી બનતા સહજ રીતે ત્યાગો.

પૂર્ણયોગના ગરુનો પ્રભાવ વધારે અસરકારક હોય છે. આ પ્રભાવ શબ્દવિહીન

(પૃ.૪૮ ઉપર)

# વેદવિજ્ઞાન

- માનસિંહ ચાવડા

## વૈદિક કર્મકાંડ
## વૈશ્વદેવ યજ્ઞ (૪)

આ શરીરમાં સ્થિર થએલ પ્રકાશસ્વરૂપ અગ્નિની જે સર્જનશક્તિ છે તે જ્યારે ભૌતિક શરીરમાં (ભૂલોકમાં) સર્જન કરે છે ત્યારે તેને ‘પ્રાણ’ અથવા ‘અગ્નિ’ કહે છે. જ્યારે તે સૂક્ષ્મ શરીરમાં (ભૂર્વલોકમાં) કામ કરે છે ત્યારે તેને અપાન અથવા ‘વાયુ’ (ઘણી વખત વિદ્યુત) કહે છે અને જ્યારે તે કારણશરીરમાં કાર્ય કરે છે ત્યારે તેને ‘વ્યાન’ અથવા ‘આદિત્ય’ કહે છે. સારાંશ, અગ્નિ, વાયુ, આદિત્ય અથવા પ્રાણ, અપાન, વ્યાન જે અગ્નિ આદિની શક્તિઓ છે તે બધાનું મૂળ એક જ હોવાથી એકરૂપ જ છે, પણ તેમનાં કાર્યો ભિન્ન છે અને તે સમજી લેવાની જરૂર છે. તે સમજી લેવાની સાથે તેમની સાથે પોતાને એકરૂપ થવાના મંત્રો નીચે મુજબનાં છે :

૧ **ૐ ભૂરગ્નયે પ્રાણાય સ્વાહા। ઈદં અગ્નયે પ્રાણાય। ઈદં ન મમ્॥**

મારા ભૂર્લોકમાંનો અર્થાત્ ભૌતિક શરીરમાંનો પ્રકાશસ્વરૂપ અગ્નિ અને તેની શક્તિસ્વરૂપ પ્રાણશક્તિ સાથે (**ભૂરગ્નયે પ્રાણાય**) હું એકરૂપ થાઉં છું (**સ્વાહા**). આ મારું ભૌતિક શરીર તે અગ્નિ અને પ્રાણને જ અનુસરે (**ઈદં અગ્નયે પ્રાણાય**) મારા અહંકારને નહિ (**ઈદં ન મમ્**)

૨ **ૐ ભુવર્વાયવેઅપાનાય સ્વાહા। ઈદં વાયવે અપાનાય। ઈદં ન મમ॥**

મારા ભુવર્લોકમાંનો અર્થાત્ સૂક્ષ્મ શરીરમાંનો પ્રકાશસ્વરૂપ વાયુ અને તેની શક્તિસ્વરૂપ અપાનશક્તિ સાથે (**ભુવર્વાયવે અપાનાય**) હું એકરૂપ થાઉં છું (**સ્વાહા**). આ મારું સૂક્ષ્મ શરીર તે વાયુ અને અપાનને જ અનુસરે (**ઈદં વાયવે અપાનાય**) મારા અહંકારને નહિ (**ઈદં ન મમ**) (આપણે જાણીએ છીએ કે સૂક્ષ્મ શરીરનું કાર્ય છે વિચારો અને ભાવનાઓ નિર્માણ કરવી. આયુર્વેદમાં બહુ વિચાર આવતો હોય તેને ‘વિચારવાયુ’ કહે છે અને તે અપાનના પ્રકોપને કારણે થાય છે એમ જણાવે છે.)

કારણ શરીર (સ્વર્લોક)માં ચૈત્યપુરુષ આત્મતત્ત્વ સાથે આ પ્રાણશક્તિનો સંપર્ક હોવાથી તે દિવ્ય અને શુદ્ધ હોય છે. જ્યારે તે સૂક્ષ્મ શરીરમાં પ્રવેશે છે અને મન, પ્રાણથી સંચાલિત થવા લાગે છે ત્યારે તેનો ચૈત્યપુરુષ અથવા આત્મા સાથે સંપર્ક છૂટતો જાય છે, તેથી તેનું જાણે પતન થયું છે, તે નિમ્નગામી થયો છે એમ કહેવાય છે, તેથી અપાનની ગતિ અવળી, નીચેની બાજુ હોય છે એમ આયુર્વેદ જણાવે છે.)

૩ **ૐ સ્વારાદિત્યાય વ્યાનાય સ્વાહા। ઈદમાદિત્યાય વ્યાનાય। ઈદં ન મમ॥**

મારા સ્વર્ગલોકમાંનો અર્થાત્ કારણ શરીરમાંનો પ્રકાશસ્વરૂપ પ્રાણ અને તેની ચેતનાને વિશાળ કરનાર શક્તિ સાથે એકરૂપ વ્યાન થાઉં છું **(સ્વાહા)**. આ મારું કારણ શરીર તે આદિત્ય અને વ્યાનને જ અનુસરે **(ઈદમાદિત્યાય વ્યાનાય)** મારા સહંકારને નહિ **(ઈદં ન મમ)**.

(વ્યાનનો અર્થ ચેતનાને વધારે વ્યાપ્ત કરવી, ફેલાવવી, વિશાળ કરવી એવો થાય છે)

**૪ ૐ ભૂર્ભુવઃ સ્વરગ્નિ વાય્યવાદિત્યેભ્યઃ પ્રાણાપાનવ્યાનેભ્યઃ સ્વાહા । ઈદં અગ્નિ-વાય્યવાદિતેભ્યઃ પ્રાણાપાન વ્યાનેભ્યઃ । ઈદં ન મમ ।**

હું મારા સ્થૂળ, સૂક્ષ્મ, કારણ શરીર સ્વરૂપ ભુર્લોક, ભુવર્લોક અને સ્વર્ગલોકમાંના ત્રણેમાંના પ્રકાશસ્વરૂપ અગ્નિ, વાયુ, આદિત્ય સાથે અને તેમની શક્તિસ્વરૂપ પ્રાણ, અપાન અને વ્યાન સાથે **(ભૂર્ભુવસ્વરગ્નિ વાય્યવાદિતે ભ્યઃ પ્રાણાપાન વ્યાને ભ્યઃ)** એકરૂપ થાઉં છું **(સ્વાહા)**. આ બધાં એકી સાથે સંવાદમય સ્થિતિમાં તાલબદ્ધ રીતે પોતપોતાના પ્રકાશને અને શક્તિને અનુસરે **(ઈદં ભૂર્ભુવસ્વરગ્નિ વાય્યવાદિત્યે ભ્યઃ પ્રાણાપાન વ્યાને ભ્યઃ)** મારા અહંકારને અનુસરે નહિ **(ઈદં ન મમ)**.

આ સમગ્ર પ્રક્રિયાને તથા તેમાંના તત્ત્વોને વિવિધ નામે અને વિવિધ રીતે વર્ણવી છે તેને જણાવતા મંત્રો હવે આવે છે :

**૧ ૐ આપો જ્યોતિ રસોમૃતં બ્રહ્મ ભૂર્ભુવસ્વરોમ સ્વાહા ॥**

મૂળ પરમચેતનાને વેદોમાં આપ (જળ) જ્યોતિ, રસ, અમૃત, બ્રહ્મ, ભૂર્ભુવસ્વ, ઓમ **(આપોજ્યોતિ રસોમૃતં બ્રહ્મ ભૂભુર્વસ્વરોમ્)** વગેરે નામોથી ઉલ્લેખાય છે. (પરંતુ તે ખરેખર એક જ તત્ત્વ છે. આ બધાં તેનાં વિવિધ પાસાં છે. દા.ત. (જળ જેવી) નિરાકારતા, પ્રકાશમયતા, રસપૂર્ણતા, સનાતનતા, સર્વવ્યાપકતા, વિવિધ લોકોમાં ઓતપ્રોતતા, શબ્દાતીતતા, અનિર્વચનીયતા વગેરે). હું તે મૂળ-ચેતના સાથે એકરૂપ થાઉં છું.

**૨ ૐ યાં મેધાં દેવગણાઃ પિતરશ્ચોપાસતે ।**

**તયા મામદ્ય મેધયાગ્ને મધાવિનં કુરૂ સ્વાહા ॥ (યજુ ૩૨-૧૪)**

દેવોનો સમુદાય અને માનવપૂર્વજો પણ **(દેવગણાઃ પિતરશ્ચ)** જે મધાશક્તિને પ્રાપ્ત કરવા તપ કરે છે **(ઉપાસતે)** તે જ મેધાશક્તિ **(તયા)** માટે આ કરી રહ્યો છું. તે યજ્ઞ રૂપ તપ **(અદ્ય)** મને **(મામ)** મેધાશક્તિથી યુક્ત કરો **(મેધાવિનંકુરૂ)** હું તે પ્રકાશમય મેધાશક્તિ સાથે એકરૂપ થાઉં છું. **(સ્વાહા)**

(વેદોમાં માનવ અને માનવેતર પ્રાણીઓમાંની સમજણ શક્તિનાં એકથી એક શ્રેષ્ઠ તબક્કાનુસાર પ્રકાર પાડેલાં છે. નીચેથી શરૂઆત કરતાં ધિ, બુદ્ધિ, પ્રતિભા, મેધા, પ્રજ્ઞા આ તેનાં તબક્કા છે. અભાન રીતે સહજ પ્રેરણાની સમજણ શક્તિ એટલે ધિ, સભાન

સમજણશક્તિ એટલે બુદ્ધિ (બુધ - સભાનતા), આંતરપ્રેરણાનાં પ્રાસંગિક ઝબકારાનુસાર કામ કોઈ ખાસ ક્ષેત્રમાં જ કાર્ય કરતી બુદ્ધિ એટલે પ્રતિભા (નિશ્ચિત-ક્ષેત્ર તરફ **(પ્રતિ)** પ્રકાશિત થએલી **(ભા)**) આંતરપ્રેરણા બધાં જ ક્ષેત્રમાં કાર્ય કરતી થાય તે મેધા અને તે આંતરપ્રેરણા ક્યાંથી, કેવી રીતે, કયા હેતુથી આવે છે અને તે કેવી રીતે સંકલ્પ બળે મેળવવી તેનું જ્ઞાન ધરાવતી બુદ્ધિ એટલે પ્રજ્ઞા. પ્રજ્ઞામાં સર્વાંગપૂર્ણ સભાનતા હોય છે. પ્રજ્ઞા આ પરમચેતનાની, બ્રહ્મની જ્ઞાન-શક્તિ છે પ્રજ્ઞાનં બ્રહ્મ. શ્રી અરવિન્દ પ્રજ્ઞાને જ અતિમનસ શક્તિ કહે છે.)

૩ **ૐ વિશ્વાનિદેવ સવિતર્દુરિતાનિ પરાસુવ । યદ્ ભદ્રં તન્ન આસુવ સ્વાહા ॥ યજુ** ૩૦-૩)

આપણી આ સૂર્યમાળારૂપી વિશ્વનાં સંચાલક સૂર્યનારાયણ **(વિશ્વાનિ દેવ સવિતઃ)** અમારી સાધનામાં અને જીવનમાં આવતા બધાં જ અવરોધોને **(દુરિતાનિ)** દૂર કરો **(પરાસુવ)** જે ઉપયોગી હોય **(યદ્‌ભદ્રમ્)** તે અમને **(તન્ન)** પ્રાપ્ત થાય **(આ સુવ).**

૪ **ૐ અગ્ને નય સુપથા રાયે અસ્માન્. વિશ્વાનિ દેવ વયુનાનિ વિદ્વાન । યુયાધ્યસ્મ જુહરાણમેનો ભૂયિષ્ઠાંતે નમ ઉક્તિં વિધેમ ॥** (યજુ ૪૦-૧૬)

હે ચૈત્યપુરુષ રૂપી અગ્નિ **(અગ્ને) !** અમને **(અસ્માન્)** નિર્વિઘ્ન માર્ગ પર **(સુપથા)** દિવ્ય ગુણ સંપત્તિ તરફ **(રાયે)** લઈ જાઓ **(નય)** હે આપણી સૂર્યમાળારૂપી વિશ્વના સંચાલક દેવ ભગવાન સૂર્ય ! આપની સાવિત્રી શક્તિ દ્વારા **(વિશ્વાનિ દેવ)** આપ દિવ્ય-જીવન નિર્માણ કરવાની પ્રક્રિયાનાં જાણકાર છો **(વયુનાનિ વિદ્વાન)** અમારામાં આ અનુભવાતા અચેતનને હરી લો, નિવારો **(જુહુરાણમ્ એનો)**, તેની સામે યુદ્ધ ખેલો **(યુયોધ્યસ્મ).** હે ભગવાન સૂર્ય, અમે આપને અનંત રીતે **(તે ભૂયિષ્ઠામ્)** શરણે આવી નમીએ છીએ **(નમ)** તથા આપની મદદ માટે પ્રાર્થના કરીએ છીએ **(ઉકિંતં વિધેમ).**

(શ્રી અરવિન્દની નૂતના સાવિત્રી મંત્ર આ સમગ્ર પ્રક્રિયાને સંક્ષેપમાં જ જણાવે છે)

હવે આ સમગ્ર યજ્ઞની આંતરિક વિભાવનાઓ કરી તેને કારણે ચિત્તમાં જે પ્રક્રિયા થઈ રહી છે તેને શાંતિથી ગ્રહણ કરીને પચાવવાની છે. આના પરિણામે સાધકની મેધાશક્તિ જાગૃત થઈ સાધના અને જીવનમાં તેને સફળ બનાવે છે. તેથી પ્રક્રિયાને 'મેધાગ્રહણ' પ્રક્રિયા કહેવામાં આવે છે. 'મેધા' એટલે પ્રજ્ઞા શક્તિ જે પરમ-ચેતનાની જ્ઞાન અને સર્જન શક્તિ છે તેના સાધકમાં થએલા અવતરણથી પરિણામ સ્વરૂપે રૂપાંતર પામી વિશેષ ક્ષમતા ધારણ કરેલી પ્રકાશમય બુદ્ધિ છે.

૧ **ૐ મેધા મે દેવઃ સવિતા આ દધાતુ ।**

હે ભગવાન સૂર્યનારાયણ **(દેવસવિતા) !** અમને **(મે)** આપનું જે પોષણનું કાર્ય અમારા સ્વરૂપમાં ચાલી રહ્યું છે તે સમજવાની 'મેધા' શક્તિ આપો.

૨ **ૐ મેધાં મે દેવિ સરસ્વતિ આદધાતુ ।**

હે દેવી સરસ્વતી **(દેવી સરસ્વતી) !** મને **(મે)** અમારા સ્વરૂપમાં જે રૂપાંતર અને નવરચનાનું કાર્ય ચાલી રહ્યું છે તેની સમજણ આપતી મેધાશક્તિ આપો **(મેધાં આદધાતુ)**

૩ **ૐ મેધાં મે અશ્વિનૌ દેવા વાધત્તાં પુષ્કર સ્રજૌ।**

હે બન્ને અશ્વિનિકુમારો સ્વરૂપ દેવો (પ્રાણ અને અપાન વાયુ) - અમારા સ્વરૂપને ટકાવી રાખી **(વાધત્તાં)** આપ જે મારું **(મે)** પ્રભામંડળ સ્વરૂપ તલાવડી મારા શરીર ફરતે રચી રહ્યાં છો **(પુષ્કર સ્રજૌ)** તેને સમજવાની મધાશક્તિ આપો **(મેધાં).**

હવે શરીરમાં દેખાતા આંતર અગ્નિને સંકલ્પ બળે વિવિધ દૈવી ગુણો રચવાની પ્રાર્થના કરવામાં આવે છે.

૧ **ૐ તેજોસિ તેજોમયિ ધેહિ।**

હે અગ્નિ ! તમે આત્મપ્રભા સ્વરૂપ છો **(તેજોસિ)** તે આત્મપ્રકાશ મને આપો (તેજોમયિ ધેહિ).

૨ **ૐ વીર્યં મસિ વીર્યં મયિધેહિ।**

હે અગ્નિ, આપ સાહસી છો **(વીર્યમસિ)** મને સાહસી અને નિર્ભય બનાવો (વીર્યં મયિ ધેહિ).

૩ **ૐ બલમસિ બલં મયિ ધેહિ।**

હે અગ્નિ, આપ બળ અને શક્તિ સ્વરૂપ છો **(બલમસિ)** મને બળ અને શક્તિ આપો (બલં મયિ ધેહિ).

૪ **ૐ ઓજો સ્યોજો મયિ ધેહિ।**

હે અગ્નિ, આપ મારા શરીરમાંના ઓજસ સ્વરૂપ છો (જે શરીરને પોષણ આપેદછે) **(ઓજોસિ)** તે ઓજસ મને આપો **(ઓજો મયિ ધેહિ).**

૫ **ૐ મન્યુરસિ મન્યુમયિ ધેહિ।**

હે અગ્નિ, આપ ઉત્સાહ સ્વરૂપ છો **(મન્યુરસિ)** મને ઉત્સાહ આપો **(મન્યુમયિ ધેહિ).**

૬ **ૐ સહોસિ સહો મયિ ધેહિ।**

હે અગ્નિ, આપ સમતા સ્વરૂપ છો **(સહોસિ).**

મને સમતા આપો **(સહોમયિ ધેહિ).**

હવે તે આંતરપ્રકાશ સમગ્ર શરીરમાં ઓતપ્રોત થઈ ગયો છે અને તે મારાં બધાં જ તત્ત્વો શુદ્ધ કરી તેમનું રૂપાંતર કરી રહ્યો છે એવી વિભાવના કરવી. આ આંતર-તેજ પવિત્ર **(વિરજા)** અને સંપૂર્ણ પાપરહિત છે **(વિપાપ્મા)** એવો ભાવ ધારણ કરવાનો છે. આને આત્મશુદ્ધિ અથવા ‘વિરજા હોમ’ કહે છે. સંન્યાસીએ આવો વિરજા હોમ રોજ આંતરિક રીતે કરવો જોઈએ એવો દંડક છે.

(ક્રમશઃ)

## વિદ્યાર્થીઓને માર્ગદર્શન

- શ્રી અરવિન્દ, શ્રી માતાજી

# ભારતમાતાનો સાદ સાંભળો

પ્રકરણ - ૧

(light for students - P. 1-5)

દેશના ઈતિહાસમાં એવો એક સમય આવે છે જ્યારે તે પોતાની સામે એક આદર્શ, એક કાર્યનું ધ્યેય રાખે છે. તેની માટે તે બલિદાન કરી દેવાની ખેવના રાખે છે.

(એ સયમ આવી ગયો છે) પૃ.૧

આપણા પ્રયત્નો તેને માટે વ્યવહારુ માર્ગ ચાતરવાનો છે. તે ધ્યેય, તે કાર્ય છે - આપણી જાતિના ભવિષ્ય નિર્માણનો - અને તેની દ્વારા ભારતના ભવિષ્યકાળનો. પૃ.૧

ભારતદેશે સદા આધ્યાત્મિક આદર્શોની જ ખેવના કરી છે. તે જ ભારતનો પ્રેરણાસ્રોત પણ રહેલ છે.પૃ.૧

આપણો આદર્શ એવા પ્રકારની આધ્યાત્મિકતા નથી જે જીવનથી મુખ ફેરવી લે. પણ તે છે જેમાં જીવન ઉપર વિજય મેળવવાનો છે અને તે પણ આત્મ-શક્તિ દ્વારા જ.પૃ.૨

આ ગૂઢજ્ઞાન પણ ભારત દેશે મેળવેલું જ હતું. પરંતુ તેનો પૂરતો અભ્યાસ તેણે કર્યો નહોતો.પૃ.૨

તેનો મૂળ સિદ્ધાંત એ છે કે બધા જ કાર્યો યોગ-ભાવનાથી કરવા, યોગ-ભાવના એટલે પ્રભુ સાથે જોડાઈને (યોગસ્થ કુરુ કર્માણિ - ગીતા) પૃ.૨

અમને આ ઉપાય ફક્ત શક્ય જ લાગતો નથી પણ માનવ - જગતની બધી જ સમસ્યાઓનો સાચો ઉકેલ પણ લાગે છે.પૃ.૨

જેવી રીતે ભારત દેશે વ્યક્તિ માટે આંતરિક આધ્યાત્મિક - જીવનની પદ્ધતિ શોધી કાઢી છે, તેવી જ એક સર્વાંગી સામુહિક જીવનની અભિવ્યક્તિ પણ સમગ્ર માનવ-જાત માટે ભારતીયોએ શોધી કાઢવી જરૂરી છે. જે ભારતીય-સમાજની એક આધ્યાત્મિક રચના અને વ્યવસ્થા સ્વરૂપ હશે. (વર્ણાશ્રમ પદ્ધતિ હતી પણ તે હવે નષ્ટ થઇ ગઈ છે)

આપણા રાષ્ટ્રનું પ્રથમ પગલું હશે આ ધ્યેયનો ઉદ્‌ઘોષ કરવો અને આધ્યાત્મિક રૂપાંતરની પ્રાથમિક જરૂરિયાત ઉપર ભાર મૂકવો.પૃ.૩

બીજું પગલું હશે, આ સિદ્ધાંત ઉપર જ, ફક્ત વ્યક્તિ-જીવન જ નહીં પણ સામાજિક જીવનને પણ ઘાટ આપવો.પૃ.૩

આ માટે એક આંતરિક રૂપાંતર અને સાથે સાથે બાહ્ય કાર્યો પણ હાથ ધરાશે, જે એક સાથે આધ્યાત્મિક, સાંસ્કૃતિક, શૈક્ષણિક, સામાજિક અને આર્થિક સ્વરૂપનાં પણ હશે. તેનું કાર્યક્ષેત્ર પણ એકી જ વખતે વ્યક્તિ, સમાજ, પ્રદેશ, રાષ્ટ્રીય અને સમગ્ર માનવ-જાતને આવરી લેતું હશે.પૃ.૩

તેનું તાત્કાલિક પગલું આધ્યાત્મિક અને સાંસ્કૃતિક શિક્ષણ બાળકોને, યુવાનોને, બધાને જ મળવું જોઈએ એ હશે. આ શિક્ષણ ભારતીયોની એકતા ઉપર આધારિત હશે. તે પાશ્ચિમાત્ય ઢાચા ઉપર નહીં પણ પૌવાત્ય, આપણા પોતાના સ્વદેશી ઢાચા ઉપર આધારિત હશે.પૃ.૩

નવા જગતના રચયૈતા યુવાનો જ હશે.પૃ.૩

તે એવી વ્યક્તિઓ હશે જે ભૂતકાળ કે વર્તમાનકાળને સમર્પિત નહીં હોય પણ તેઓની આંખોમાં ભવિષ્ય રમતું હશે. પૃ.૩

વિશાલ ભારત માતાનો પુનર્જન્મ પ્રાચિન ભારતમાતાનાં જીર્ણ દેહમાંથી જ પુનર્જીવન પામીને થશે. પૃ.૪

તમે આ મહાન આદર્શોને, જો પાશ્ચિમાત્ય કલ્પનાઓથી ઘેરાએલા હશો અથવા જીવન તરફ ભૌતિકવાદના દૃષ્ટિથી જોતા હશો તો ખચિત જ તે આદર્શોને અનુસરી નહીં શકો.પૃ.૪

આર્યોની વિચારસરણી, આર્યોની શિસ્ત, આર્યોનું ચારિત્ર્ય અને આર્યોના જીવનને ફરી પ્રાપ્ત કરો.પૃ.૪

તે ભારતમાતામાં શ્રદ્ધા રાખો, તેની સેવા કરો, તમારી ઈચ્છાઓને તેમાં ઓગાળી નાંખો, તમારી અંદર રહેલી ક્ષમતાઓના સ્ત્રોતોને ફરી પ્રાપ્ત કરો, બસ બાકીનું આપને આપવામાં આવશે.પૃ.૫

યુવાની ઉગી નિકળવામાં અને વિકાસ કરવા ઉપર આધાર રાખે છે. ઉગી નિકળવું એટલે પોતાની સુપ્ત ક્ષમતાઓને જગાડવી અને વધારવી. વિકાસ એટલે સતત મળેલી ક્ષમતાઓને વધારેને વધારે સંપૂર્ણ કરવી.પૃ.૫

જયારે કોઈ વિકાસ પામી શકતો નથી, પૂર્ણતાના માર્ગે અગ્રેસર થઈ શકતો નથી તો નિશ્ચિત સમજજો કે તે હવે ઘરડો થવા માડયો છે.પૃ.૬

# આગામી - ભાવિ

(શ્રી અરવિંદ સોસાયટીના ઈ-મેગેઝીન સપ્ટેમબરનાં ૨૦૧૦ના Next Futureનો સાર - સાભાર)

## ચાલો પ્રભુનું સભાન સાધન બનીએ !

**સમજૂતી** - માનસિંહ ચાવડા

બે ત્રણ દિસ પહેલાં એક ડૉકટર ટીકા કરતાં જણાયાં. જેમને તેમની ટ્રીટમેંન્ટથી ફાયદો થયો છે તેઓ પ્રથમ ભગવાનનો અને પછી જ તેનો પાડ માને છે, ખરેખર તે પોતે આ શ્રેયનો અધિકારી છે, કારણ તેણે જ યોગ્ય સારવાર યોગ્ય વખતે આપી તેમને સારાં કર્યાં છે.

પણ આ જ ઘટનાને જુદી રીતે પણ જોઈ શકાય છે કે પ્રભુએ કેવી રીતે તેમને નિમિત્ત બનાવ્યો. તેવું ભાન થતાં જ વ્યક્તિ કેટલો નમ્ર બની જાય છે. આ સત્ય જ તે જોઈ શકતો નથી, અને પોતાને કેન્દ્રમાં રાખીને પ્રભુની કરુણાને ધ્યાનમાં લેતો જ નથી અથવા ઓછું મહત્ત્વ આપી એ સમજતો નથી કે દુનિયાના એક ખૂણે પડેલાં તેને કેવી રીતે નિમિત્ત તરીકે પસંદ કર્યો.

આ ઘટના ડૉકટર સાથે બની પણ ખરેખર આ જ વાસ્તવિકતા બધાને લાગુ પડે છે. આપણા જીવનમાં ઘણા પ્રસંગોએ આપણે પોતાની પ્રસંશા અથવા મહત્ત્વની અપેક્ષા રાખીએ છીએ, એ ભુલીને કે દરેક ઘટના અને વસ્તુ પાછળ દિવ્ય-હાજરી કામ કરતી જ હોય છે, છતાં પ્રભુને પાછળ રાખી પોતે જ યશ ખાટવા માગીએ છીએ.

ઉપાય આપણે જાણીએ જ છીએ. બીજાને અહંકારી છોડી નમ્ર બનવાનું કહેવાનું નથી, પણ આપણામાં તેમને શોધીને પોતાનું રૂપાંતર કરી એક પ્રભુનું ઉત્તમ સાધન બનવાનું છે, સભાન સાધન બનવાનું છે.

# સાંજના વાર્તાલાપો

- શ્રી અંબુભાઈ પુરાણી

## સમતા અને કરુણાનો અર્થ

પ્રકરણ - ૨

(ખંડ-૨, પૃ.૩૭-૩૮)

**સમજૂતી** - માનસિંહ ચાવડા

**શ્રી અરવિન્દ :** જગતમાં અનેક ભયંકર વસ્તુઓ છે. તેવી વસ્તુઓ અને ઘટનાઓ પ્રત્યે પણ સૂગ વગર, અરેરાટી વગર, ક્ષુબ્ધ થઈ આઘાત લગાડ્યા વગર, આંતરિક સમતુલા જાળવીને, શાંતિથી તેને સ્વીકારવી એવું આંતરિક સામર્થ્ય અને મનોબળ એટલે જ સમતા. બધાં જ દ્વંદ્વોમાં (સુખ-દુઃખ, લાભ-અલાભ, જય-અજય વગેરે) આવી સમતુલા જાળવવી જરૂરી છે.

સૂગ સમતાને ભાંગી નાખે છે.

સૂગ માણસને સામાજિક સંસ્કારો દ્વારા મળે છે. હું પણ નાનો હતો ત્યારે માંકડ કે મચ્છરને મારી શકતો નહીં. આ બધી સામાજિક વારસાના સંસ્કારો હોય છે. કુદરતમાં એવું નથી. કુદરતને કોઈ સૂગ નથી.

કરુણા પણ એક જુદી વસ્તુ છે. જગતનાં દુઃખો પ્રત્યે તે સહાનુભૂતિ જન્માવે છે. દેવો પણ કરુણાપૂર્ણ હોય છે. તેઓ માનવ-ચેતનાનો વિકાસ કરવા જ મથે છે, પણ તે વિકાસ માટે જરૂરી હોય તો દુઃખો પણ આપે છે. તેમની કરુણા રચનાત્મક અને વિનાશાત્મક બન્ને પ્રકારની બની શકે છે. મા દુર્ગાએ કરુણાભાવથી રાક્ષસોનો સંહાર કર્યો, આ પાછળનો અર્થ એ જ છે. કરુણા અંતે હિતકારી હોય છે, તે સત્ય છે. માતાજી પાસે અસુરો આવતા. તેઓ માતાજીને આધ્યાત્મિક શક્તિથી તેમને બચાવી લેવા વિનંતી કરતા. પણ તેમ કરવાથી આપણી જ આધ્યાત્મિક શક્તિઓનો નાશ થાય છે. કારણ અસુરો  તેમને આપેલી શક્તિઓનો સ્વભાવ મુજબ દુરુપયોગ જ કરવાનો હોય છે. તેથી માતાજીએ તેમને બચાવ્યા નહોતા. તે પણ કરુણા જ હતી.

હાલમાં હું બિલાડીઓને ખાવા માછલીઓ આપું છું. પણ મને હવે ઘૃણા લાગતી નથી. માછલી એ બિલાડી માટે નૈસર્ગિક અન્ન છે.

સમતા અને કરુણામાં ઘૃણા વગેરે બંધનકારક ન બનવા જોઈએ.

# સર્વાંગી - આરોગ્ય

- શ્રી અરવિન્દ, શ્રી માતાજી

(Integral Healing પૃ.૫૪-૫૯)

અવતરણો

## શારીરિક મનની શક્તિ (ચાલુ)

1 Ninety percent of illness are the result of the subconscious fear of the body (hidden anxiety about the consequences of the slightest physical disturbance) ..... this anxiety is a lack of confidence in the Divine's Grace. (means) the consecration is not complete and perfect. P.54

2 ..... the more enlightened part of the being must impress on the body the necessary of an entire trust in the Divine's Grace..... if no obstacle is put in the way of the Divine's Working nothing can harm us.... P.54

3 Fear is hidden consent..... it is a subconscient consent.P.55

4 When one sees an illness coming, How can one stop it ? ..... First of all, you must have a very strong will not to be ill. ..... The second condition is to call the light of equilibrium, a light of peace, quietude and and balance and to push it into all the cells of the body and you must have a calm certitude and a complete trust in the power of the Grace to Shelter.... Then occupied yourself with something else. P.55

5 In a normal physical harmony, the body has a capacity of resistance..... its most material substance emanates subtle vibrations which have the strength to resist illness. P.56

6 (depression, dissatisfaction, psychological difficulties of undue fatigue) this reduces the normal resistance of the body. P.56

7 Fear which may be mental..... vital - which is almost always physical fear in the cells..... Mental fear..... all who have a little control over themselves..... can eliminate it. Vital fear is more subtle and asks for a greater control. As for physical fear, a veritable yoga is necessary to overcome it. P.57

8 The mental is very simple. It is thoughts..... you start thinking..... that there is illness and..... very contagious..... you will catch it..... The vital, you feel..... sensations..... hot..... cold..... They (mental & vital) hide the physical fear..... it is a peculiar little vibration..... into your cells..... Very difficult to control. P.58

9 (Medical Sciences) they have discovered that for every disease there is a microbe that cures it.... that this microbe is extremely contagious..... it develops under two conditions : in those who have a sort of natural good humour and energy and in those who have a strong will to get well ! P.59

10 What people take to be a microbe is simply the materialisation of a vibration or a will from another world. P.59

## **સમજૂતી** - માનસિંહ ચાવડા

માંદગીમાંના નેવું ટકા કારણોમાં ડર કે ભીતિ એ જ જોવા મળે છે. આ ડર અવચેતનમાં નિર્માણ થતો હોય છે અને ચિંતા, ઉશ્કેરાટ તરીકે પ્રગટ થતો હોય છે; તેથી તેની જાણ આપણને હોતી જ નથી તે ગુપ્ત ઉશ્કેરાટ સ્વરૂપનો હોય છે, જેનું કારણ ન સમજાય એવી ચિંતા, અસ્વસ્થતા કે ઉશ્કેરાટ હોય છે.

આનો એક જ ઉપાય છે. આપણા સ્વરૂપમાંનાં જે તત્ત્વો વધારે વિકસિત હોય, સમજુ હોય, તેમણે આ શરીરને નાના બાળકની જેમ પ્રેમથી સમજાવવાનું હોય છે. તેને કહેવું પડે છે કે, ''હે શરીર ! તારામાં તંદુરસ્ત રહેવાની જન્મજાત શક્તિ છે. તેની ઉપર તું શ્રદ્ધા રાખ અને ભરોસો રાખતા શીખ. પ્રભુની પણ એ જ ઈચ્છા છે કે તેણે નિર્માણ કરેલું આ શરીર તંદુરસ્ત જ રહે. પ્રભુએ તને ખાસ હેતુથી રચ્યું છે અને તે હેતુ પૂર્ણ થવાનો જ છે. તારે ફક્ત તે હેતુ મુજબ તેવા ભાવમાં તેવા જીવનમાં, તેને ઢાળી દેવાનું છે. બસ, પ્રભુને સમર્પિત થઈ જા. બાકી બધું પ્રભુ જોઈ લેશે. તે તને અભેદ્ય સંરક્ષણ કવચ પૂરું પાડશે, શ્રદ્ધામય બન.''

જ્યારે પણ માંદગીનાં આંદોલનો આપણા પ્રભામંડળને સ્પર્શવા લાગે છે ત્યારે આપણે શું કરવું જોઈએ ? તેનો જવાબ છે : ત્રણ રીતે તેનો પ્રતિકાર કરો -

૧ પોતે માંદા પડવા માંગતા જ નથી એવો દૃઢ નિર્ધાર કરો. તમારું અવચેતન પાછલા બારણેથી ચિંતામાં ઘેરાઈને તેને આમંત્રી ન બેસે તેનું ખાસ ધ્યાન રાખો. અવચેતનને ઉપર મુજબ સમજાવો. તેવો તંદુરસ્તીનો ભાવ સતત મનમાં નિર્માણ કરો.

૨ બીજા તબક્કામાં તમારે પ્રભુના પ્રકાશને પોતાના સમગ્ર શરીરમાં અવતરણ કરાવી સમગ્ર શરીર અને તેના કોષેકોષ તેને ધારણ કરી રહ્યાં છે, એવો ભાવ ધારણ કરો. તમારાં શરીરના કોષેકોષ સુવર્ણમય પ્રકાશથી ઝળહળી રહ્યાં છે એવો ભાવ રાખો અને મનની આંખોથી તેવું જોવામાં તલ્લીન બનો. તે વાસ્તવિકતા છે, કલ્પના નથી; એવી નિતાંત શ્રદ્ધા રાખો.

૩ ત્રીજા તબક્કામાં એવી અખૂટ, અડગ શ્રદ્ધા રાખો કે પ્રભુએ તમને ઉપર મુજબનું સુવર્ણમય સુરક્ષા-કવચ આપ્યું છે અને તેની સામે કોઈ રોગ અંદર પ્રવેશવો શક્ય નથી.

રોગનો ડર એ પ્રગટ હોય તેવું પણ નથી. ઘણા લોકોને મનમાં રોગનો ડર જરા પણ હોતો નથી. પણ તેમના શારીરિક કોષો તેવો ડર અવચેતનમાં ધરાવતા હોય છે.

તેથી તેવો પ્રસંગ નિર્માણ થતા તે વ્યક્તિને ક્ષણ માટે ચેપ લાગવાનો ભય અનુભવાય છે. પછી તે મનને મનાવી લે છે કે આ તો ખોટો ડર છે. તેવું કાંઈ નથી. ઘણા લોકોને મનમાં તેમ જ કોષામાં બન્ને કક્ષાએ ડર હોય છે. તેઓ રોગથી ડરતા જ ફરે છે.

જ્યારે શરીરના કોષો પૂર્ણ સંવાદિતા અનુભવતા હોય છે, તેમને કોઈ ડર હોતો નથી; ત્યારે તેમને શરીરની રોગ પ્રતિકાર શક્તિ ખૂબ જ સારી હોય છે. અવસાદ, અસંતોષ, માનસિક પ્રશ્નો અને ઉપાધિઓ, વધારે પડતો થાક; આ વસ્તુઓ રોગ પ્રતિકાર શક્તિને નબળી પાડી નાંખે છે.

ડર ત્રણ પ્રકારના હોય છે - માનસિક, પ્રાણમય અને શારીરિક અર્થાત્ કોષગત. માનસિક ભય તો મનને થોડુંક સમજાવતા જ હટી જાય છે. પ્રાણમય ભયને સતત અભ્યાસથી અને પ્રોત્સાહિત કરવાથી ધીમે ધીમે કાબૂમાં લાવી શકાય છે. પણ શારીરિક ડરને કાઢવા માટે તો રીતસરની યોગિક પ્રક્રિયાઓનો જ સહારો લેવો પડે છે.

શરીરમાં પ્રકાશને ધારણ કરીને તેને કોષોમાં ઓતપ્રોત કરી સ્થિર કરવાની પ્રક્રિયા આ પ્રકારની શારીરિક ડરને જીતવાની પ્રક્રિયા છે.

દરેકની રોગ પ્રતિકારક શક્તિ  અલગ - અલગ હોય છે. તે દરેકની પ્રકૃતિના બંધારણ ઉપર આધાર રાખે છે.

મનમાં ડરવાનો વિચાર આવવો તેને માનસિક ડર કહેવાય છે. માંદા પડશું એવો વિચાર આ મનનો ડર છે. પ્રાણમય ડરમાં શરીરમાં ટાઢ ચઢવી, તાવ આવવો, પરસેવો છૂટી જવો, ધ્રાસકો પડવો, ફાળ પડવી; આવા ભાવનાત્મક કે મિશ્ર પ્રત્યાઘાતો જોવા મળે છે. ઉપરનાં બન્નેનાં છોડીને બાકીના ડર શારીરિક હોય છે. સ્વતંત્ર શારીરિક ડર ઓછો જોવા મળે છે. લગભગ તે મનોમય અને શારીરિક ડરથી ઢંકાએલો હોય છે. શરીરમાં ધ્રુજારી આવવી એ તેનું ખાસ લક્ષણ છે.

દવા એ આપણા મન, પ્રાણ, શરીરને હવે સાજાં થઈ જશું એનું આશ્વાસન આપી તેમનો આત્મવિશ્વાસ જગવે છે.

આજનું શાસ્ત્ર કહે છે કે જેમ દરેક રોગના વિષાણુઓ છે, તેમ તે રોગનું નિવારણ કરનારા પણ ખાસ જીવાણુ હોય છે અને નીરોગિતા બક્ષનાર જીવાણુ રોગ નિર્માણ કરનાર વિષાણુ કરતાં વધારે ચેપી છે અર્થાત્ વધારે ફેલાવો ધરાવે છે. જલદી તંદુરસ્તી બક્ષે છે.

પ્રભુનો બધાને તંદુરસ્ત દાખવાનો સંકલ્પ માનસિક, પ્રાણમય અને પાર્થિવ આંદોલનો નિર્માણ કરે છે. આવાં પાર્થિવ આંદોલનોનું સાકારસ્વરૂપ એટલે જ આવા તંદુરસ્તી બક્ષનાર જીવાણુઓ હોય છે.

# પૂર્ણયોગ

- હર્ષદ ઠકરાર

સાધકને સ્વાભાવિક રીતે મનમાં પ્રશ્ન ઉપસ્થિત થાય કે શ્રી અરવિન્દે તેમના યોગને શા માટે પૂર્ણયોગ કહ્યો છે ? અત્યાર સુધીના પરંપરાગત યોગો કરતાં શ્રી અરવિન્દ શું વિશેષ, નૂતન પ્રદાન કરે છે ? કારણ કે સાધક વેદ, ઉપનિષદ, ગીતા કે અન્ય દર્શનો સાથે સંકળાયેલા હોવાથી સાધકના મનમાં તે દર્શન માટે ઉચ્ચતમ ભાવના સ્વભાવિકરૂપે પ્રસ્થાપિત થયેલી હોય છે. આથી જ સાધકને પૂર્ણયોગ જાણવા, સમજવા વિશે ઉત્કંઠા સ્વાભાવિક રીતે જાગે છે.

શ્રી અરવિન્દે તેમની સાધના પરંપરાગત યોગોની મદદ દ્વારા કરી નથી, પરંતુ તેમણે સ્વપ્રયત્ન દ્વારા સાધના કરેલ છે. સાધના દરમ્યાન શ્રી અરવિન્દને જે કાંઈ અનુભૂતિ આવતી તે અનુભૂતિ સાચી છે કે ભ્રમણા તે સમજવા માટે પરંપરાગત યોગમાંથી સમર્થન પ્રાપ્ત કર્યું છે. આથી સાધક જ્યારે અરવિન્દના યોગનું મનન-ચિંતન કરે છે ત્યારે તેને પોતાના પરંપરાગત યોગની અનુભૂતિ અનુભવાય છે.

શ્રી અરવિન્દની સાધનામાં જુદા જુદા પરંપરાગત યોગનો સમન્વય સધાયો છે. આથી શ્રી અરવિન્દ પરંપરાગત યોગ કરતાં એક કદમ આગળ લઈ જઈ પૂર્ણયોગમાં પ્રવેશ કરાવી આપે છે.

પરંપરાગત યોગ કરતાં શ્રી અરવિન્દ કઈ રીતે પ્રગતિ કરાવે છે તે સમજવા માટે શ્રી વિશ્વામિત્રનો ગાયત્રી મંત્ર તથા શ્રી અરવિન્દના ગાયત્રી મંત્રના મનન, ચિંતન દ્વારા અનુભવાય છે.

**''ૐ તત્ સવિતુવરેણ્યમ્ ભર્ગો દેવસ્ય ધીમહિ।**
**ધીયો યો નઃ પ્રચોદયાત્॥**

- વિશ્વામિત્ર

આપણે સવિતાદેવના ઉત્તમ તેજનું ધ્યાન ધરીએ, જે આપણી બુદ્ધિને પ્રેરણા આપે.

**ૐ તત્ સવિતુર્વરમ્ રુપમ્ જ્યોતિઃ**
**પરસ્ય ધિમહિ : યન્ન સત્યેન દિવયેત્॥**

- શ્રી અરવિન્દ

આપણે સવિતા નારાયણની પરમ જ્યોતિનું ધ્યાન ધરીએ, જે એના પૂર્ણ સત્યથી આપણને પ્રકાશિત કરે આલોકિત કરે.

વિશ્વામિત્રના ગાયત્રી મંત્રમાં સવિતાદેવના ઉત્તમ તેજનું ધ્યાન ધરીએ, એમ કહેવામાં આવેલ છે. જ્યારે અરવિન્દના ગાયત્રી મંત્રમાં સવિતાદેવ સ્વરૂપે નહીં, પરંતુ સૂર્યનારાયણને પરમ જ્યોતિ સ્વરૂપે પરમ તત્ત્વ તરીકે ધ્યાન ધરીએ છીએ એમ સમજાવેલ છે.

વિશ્વામિત્રના ગાયત્રી મંત્રમાં સવિતાદેવના ઉત્તમ તેજ દ્વારા માનવની બુદ્ધિ એટલે મનસ તત્ત્વને પ્રેરણા મળે તેવી પ્રાર્થના છે. જ્યારે શ્રી અરવિન્દના ગાયત્રી મંત્રમાં ફક્ત મનસ તત્ત્વને પ્રેરણા પ્રાપ્ત થાય તેમ નથી, પરંતુ માનવના સમગ્ર સ્વરૂપ એટલે કે પાર્થિવ તત્ત્વ, પ્રાણ તત્ત્વ અને મનસ તત્ત્વ સંપૂર્ણપણે પ્રકાશિત થવાની પ્રાર્થના છે.

આમ શ્રી અરવિન્દના ગાયત્રી યંત્રમાં ફક્ત મનસ તત્ત્વને પ્રેરણા પ્રાપ્ત કરવાની પ્રાર્થના નથી, પરંતુ માનવને પૂર્ણરીતે એટલે પાર્થિવ તત્ત્વ (ચેતના), પ્રાણતત્ત્વ (ચેતના) અને મનસતત્ત્વ (ચેતના) ત્રણેયને રૂપાંતરીત કરી દિવ્ય તત્ત્વને સ્થાપિત કરવાની સિદ્ધિ છે, એટલે જ તેને પૂર્ણ યોગ કહેવામાં આવ્યો છે.

પૂર્ણયોગમાં માનવની પાર્થિવ, પ્રાણમય, મનોમય ચેતના કેવી રીતે રૂપાંતર પામે તે સમજવા માટે આપણે પ્રભુ, પ્રભુત્વ અને પ્રભુતત્ત્વ (ચેતના) એમ ત્રિવિધ અવસ્થાનો અનુભવ સમજવાનો છે.

પ્રભુ એટલે કે આપણા કોઈ પણ ઈષ્ટદેવ શિવ, કૃષ્ણ, વિષ્ણુ, શ્રી અરવિન્દ કે અન્ય કોઈપણ સ્વરૂપનું ફોટામાં કે મૂર્તિમાં દર્શન કરીએ છીએ તે દર્શનની અનુભૂતિ.

પ્રભુના દર્શન થયા બાદ સાધકનો પ્રભુ સાથે યોગ થાય છે તે અનુભૂતિ એટલે કે પ્રભુતત્ત્વ પ્રાપ્ત કરવું. યોગમાં ભક્ત અને પ્રભુના મિલનમાં બંને ચેતનાનું અલગ અલગ અસ્તિત્વ હોય છે. જે રીતે બળદ અને ગાડું એકત્વ પ્રાપ્ત કરી બળદગાડું બને છે, છતાં પણ બળદ અને ગાડાનું અલગ અલગ અસ્તિત્વ હોય છે. આમ પરંપરાગત યોગમાં ભક્ત અને પ્રભુનો યોગ થાય છે. એટલે એકત્વ થાય છે, છતાં પણ ભક્ત પોતાની વ્યક્તિગત ચેતનામાં જીવતો હોય છે. પ્રભુની વૈશ્વિક કે વિશ્વાતીત ચેતનામાં જીવતો હોતો નથી.

પ્રભુત્વ એટલે સાધક પ્રભુની ચેતનામાં જીવન વ્યતીત કરે છે, પોતાની વ્યક્તિગત ચેતનામાં નહીં. એટલે માનવની વ્યક્તિગત ચેતના પ્રભુની પરમ દિવ્યચેતનામાં રૂપાંતર પામે છે, જે આપણને શ્રી અરવિન્દના ગાયત્રી મંત્ર દ્વારા પ્રાપ્ત

થાય છે.

શ્રી અરવિન્દ ગાયત્રી મંત્રમાં પરમજ્યોતિ દ્વારા પૂર્ણ સત્યથી આલોકિત થવું એ જ પરમ ચેતનામાં રૂપાંતર પામવું છે. સાધક પરમ જ્યોતિની પૂર્ણ સત્યની શક્તિ દ્વારા આલોકિત, રૂપાંતરિત થતો હોવાથી આપોઆપ સાધકના નિર્ણયો તેના રહેતા નથી, પરંતુ સાધક જે કાંઈ ઇચ્છે, સંકલ્પ કરે તે પ્રભુની નિર્ણયાત્મક શક્તિ દ્વારા થાય છે.

પ્રભુની નિર્ણાયાત્મક શક્તિને સમજાવતા શ્રી માતાજી જણાવે છે.

"What Sri Aurobindo represent in world's history is not teaching, not even a revelation; it is a decisive action direct from supreme."

''જગતના ઈતિહાસમાં શ્રી અરવિન્દ જેનું પ્રતિનિધિત્વ કરે છે તે એક ઉપદેશ નથી, એક ચમત્કારીક પ્રગટીકરણ નથી; તે પરમ પ્રભુમાંથી આવતું સીધેસીધું નિર્ણયાત્મક કાર્ય છે.''

પરંપરાગત યોગમાં સાધક પોતાની વ્યક્તિગત ચેતના દ્વારા જીવન વ્યતીત કરે છે. પૂર્ણયોગમાં સાધક પરમ પ્રભુની નિર્ણયાત્મક શક્તિ દ્વારા જીવન જીવે છે, એટલે જ સાધકનું જીવન પાર્થિવ જીવનમાંથી દિવ્ય જીવનમાં રૂપાંતરીત થાય છે. આ જ છે પરંપરાગત યોગનું પૂર્ણયોગમાં રૂપાંતર.

ૐ શાંતિ..... શાંતિ..... શાંતિ.....

---

(પૃ.૩૪ ઉપરથી)

## યોગમાર્ગોનો સમન્વય

હોય છે. પોતાની હાજરી જ અન્ય આત્મામાં જાગૃતિ લાવે છે. શિષ્યની ગ્રહણશીલતા આમાં મદદરૂપ બને છે.

પૂર્ણયોગનો ગુરુ ટ્રસ્ટીની ભાવનાથી શિષ્યોને મદદરૂપ થાય છે. પોતાને એક વાહક કે માધ્યમ જ ગણે છે. તેની દ્વારા પ્રભુની શક્તિ શિષ્યને સાદ પાડે છે.

કાળ પણ સાધકને મદદરૂપ થાય છે. તે પણ પ્રભુનું એક સાધન જ છે. અંગત પ્રયત્નનાં તબક્કામાં કાળ વિરોધી લાગે છે પણ પ્રભુના માધ્યમ બની ગયા પછી તે સહાયક બની જાય છે.

પૂર્ણયોગના સાધકે પસાર થતા કાળ માટે ઉદ્‌વીગ્ન થવાનું નથી. પોતાની સામે અનંત કાળ માટે પડ્યો છે એમ જ અનુભવવાનું છે. અહંકારને જ કાળ ઉદ્‌વીગ્ન કરે છે. સારાંશ, સાધકે સાબૂરી અને સમતાને પૂર્ણ રીતે વિકસાવવાની જરૂર છે.

(નોંધ :- 'યોગ - સમન્વય' પુસ્તકાકારે પ્રગટ થઈ ગયું હોવાથી આ લેખમાળા અહીં જ પૂરી થાય છે - તંત્રી)



# શ્રી અરવિંદ

## સમર્પણ

સમર્પણ સર્વાંગી અને સમગ્ર સ્વરૂપનાં બધાં જ ભાગોનું હોવું જોઈએ. ફક્ત ચૈતસિક તત્ત્વ સહકાર આપે અને ઊર્ધ્વમન સંમતિ આપે કે આંતરિક પ્રાણ શરણાગતિ સ્વીકારે અને આંતરિક સૂક્ષ્મ પાર્થિવ તત્ત્વ તેનો પ્રભાવ ઝીલે તેટલું જ પૂરતું નથી.

– શ્રી અરવિન્દ

૨૧, ફેબ્રુઆરી ૧૯૨૭

# મા દુર્ગા

મા ભગવતીના સ્વરૂપને, પાર ન જાએ કોઈ,
દુર્ગમ એ પ્રદેશ રહ્યો, તેથી દુર્ગા ગણાઈ. ॥૧॥

અજ્ઞાન દુરાચાર ગણ્યું, દુરાચારનો નાશ,
મા ભગવતી કરતી રહી, તેથી એ દુર્ગા માત. ॥૨॥

શરીર દુર્ગે જે વસે ને, ચેતના સ્વરૂપે વિકાસ,
દુર્ગ-વાસીની તેથી ગણી, દુર્ગા માત કહેવાય. ॥૩॥

ચેતનાના વિકાસના, નવ તબક્કા ગણાય,
તેથી નવ દુર્ગા કહી, ને શાસ્ત્રો સંમત થાય. ॥૪॥

મા અંબિકા જ દુર્ગા ગણી, તેનાં નવ સ્વરૂપ,
શૈલપુત્રી, બ્રહ્મચારિણી, ને ચંદ્રઘંટા ત્રીજું રૂપ. ॥૫॥

કુષ્માંડા, સ્કંદમાતા અને, કાત્યાયની છઠ્ઠા થાય,
કાલરાત્રી, મહાગૌરી ને, સિદ્ધિદાત્રી નવમું ગણાય. ॥૬॥

ચેતન-વિકાસ જન્મહેતુ ગણ્યો, ઉત્ક્રાંતિની મળે સહાય,
પણ તેની ગતિ મંદ થકી, સાધનાની ગરજ ગણાય. ॥૭॥

ચેતન-વિકાસને વેગ દે, પ્રભુકૃપાનો પ્રસાદ,
પ્રભુ-સ્વરૂપ કરતી વળી, પ્રભુકાર્ય સાધે સદાય. ॥૮॥

(દુર્ગા શબ્દનાં વિવિધ અર્થ છે. તેમનો પાર જાણવો અઘરો છે તેથી દુર્ગા, દુર્ગતિનો નાશ કરે છે તેથી દુર્ગા, શરીરરૂપી દુર્ગમાં, કિલ્લામાં રહે છે માટે દુર્ગા. પ્રભુના સંકલ્પને પાર પાડવો એ દુર્ગામાતાનું કાર્ય છે. તેમાં અવરોધતા અસુરોનો તે નાશ કરે છે. મહિષાસુર કામવાસનાનું રૂપ છે, રક્તબીજ અહંકારનું, ચંડ (પ્રચંડ) વૈશ્વિક અહંકારનું તથા મુંડ વ્યક્તિ અહંકારનું પ્રતીક છે. તેમના દસ હાથ દશે દિશામાં થતું કાર્ય સૂચવે છે. મા આદ્યાશક્તિ કરતા દુર્ગા ખડ્ગ અને તોમરને પણ ધારણ કરે છે. ખડ્ગ અસંગતાનું અને તોમર દૃઢ નિર્ધારનું પ્રતીક છે. સિંહરૂપી વિજયીભાવનું વાહન છે.)


સહજ-સત્સંગ

અર્પણ, ૨૫૯, વૃંદાવન સોસાયટી, કાલાવડ રોડ, રાજકોટ - ૫

**લવાજમ : વાર્ષિક માતૃચરણે અર્પણ : રૂા. ૧૨૫.૦૦ વિદેશમાં ૮૦૦.૦૦**

Registered with the registrar of Newspaper for INDIA

No. 07598/22 A.K. 9-T.C. Regd. No. GRJ-303 Valid upto Dec.-2011

DATE OF POSTING : 1st OF EVERY MONTH